અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૧ ડિસેમ્બર ૨૦૨૪, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૧, માગશર વદ ૬

વર્ષ : ૧૬
અંક : ૧૭૦

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# રાજસ્થાનના ભાંકરોટામાં પેટ્રોલ પંપ પર સીએનજી ટેન્કરમાં વિસ્ફોટ

## આ ઘટનાની જાણકારી મળતાં જ લગભગ ૨૨ જેટલાં ફાયરબ્રિગેડના વાહનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને આગને કાબૂમાં લેવાના પ્રયાસ હાથ ધર્યા હતા

। (એજન્સી) ભાંકરોટા, તા.૨૦ ।

રાજસ્થાનના જયપુરના ભાંકરોટામાં એક મોટી દુર્ઘટના સર્જી હતી. અહીં એક ગેસ ટેન્કરમાં અચાનક આગ લાગી જતાં ભયંકર વિસ્ફોટ થયો હતો જેમાં અનેક લોકો દાઝી ગયાના અહેવાલ સામે આવ્યા છે. આ દુર્ઘટનામાં ૫ લોકોના મોતના અહેવાલ સામે આવી રહ્યા છે. આ ઘટનાની જાણકારી મળતાં જ લગભગ ૨૨ જેટલાં ફાયરબ્રિગેડના વાહનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને આગને કાબૂમાં લેવાના પ્રયાસ હાથ ધર્યા હતા.



બીજી બાજુ આ વિસ્ફોટ એટલો ભયાનક હતો કે આજુબાજુમાં ઊભેલા ૪૦થી વધુ વાહનો પણ બળીને રાખ થઈ ગયા હતા. આ વિસ્ફોટ થતાં જ વાહનોથી ભરેલા વેરહાઉસમાં પણ આગ લાગી હતી. એક સાથે ડઝનબંધ વાહનો આગની લપેટમાં આવી ગયા હતા. સીએનજી ટેન્કર અને અન્ય એક ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જે બાદ સીએનજી ટ્રકમાં એક પછી એક બ્લાસ્ટ થવા લાગ્યા હતા. ધડાધડ વિસ્ફોટથી નજીકના વાહનો પણ લપેટમાં આવી ગયા હતા. ત્યારે એક બસમાં હાજર મુસાફરોએ નીચે ઉતરીને પોતાનો જીવ બચાવ્યો હતો. આગમાં એક ડઝનથી વધુ લોકો દાઝી ગયાની માહિતી સામે આવી રહી છે. ઘાયલોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. ફાયર ફાયટર, સિવિલ ડિફેન્સ પોલીસ અને સ્થાનિક લોકોની મદદથી વાહનોમાં ફસાયેલા લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. આ દુર્ઘટના એલપીજી અને સીએનજી ટ્રક વચ્ચે ટક્કર બાદ સર્જી હોવાના પણ દાવા કરાયા છે. જેના બાદ સીએનજી ટ્રકમાં ભયંકર બ્લાસ્ટ થયો હતો. ૪૦થી વધુ વાહનો બળીને રાખ થઈ ગયા હતા. આ દુર્ઘટના ડી ક્લોથોનની નજીક સવારે પાંચ વાગ્યે સર્જી હતી. દુર્ઘટનામાં ઘાયલ લોકોને હજુ પણ હોસ્પિટલ ખસેડવામાં આવી રહ્યા છે. જ્યારે ફસાયેલા લોકોને ફાયરબ્રિગેડના કર્મચારીઓ દ્વારા બચાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. સિવિલ ડિફેન્સ પોલીસ અને સ્થાનિકો પણ રેસ્ક્યૂ ઓપરેશનમાં મદદ કરી રહ્યા છે. જયપુરમાં એસએમએસ મેડિકલ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. દીપક મહેશ્વરીએ જણાવ્યું કે અત્યાર સુધીમાં ૪ મૃતદેહો હોસ્પિટલમાં લાવવામાં આવ્યા છે. લગભગ ૨૫ લોકો ICUમાં દાખલ છે. હજુ ઘણાં લોકોને લાવવામાં આવી રહ્યા છે. મોટાભાગના લોકો ગંભીર રીતે દાઝી ગયા છે. લગભગ ૧૫ લોકો ૮૦ ટકા દાઝી ગયા છે. મુખ્યમંત્રી ભજનલાલ શર્મા પણ એસએમએસ હોસ્પિટલ પહોંચ્યા હતા અને ઘાયલોની યોગ્ય સારવાર માટે નિર્દેશ આપ્યો.

### અયોધ્યામાં મુખ્યમંત્રી યોગીનું મોટું નિવેદન

## મથુરા, સંભલમાં મંદિરો તોડવામાં આવ્યા, ભારતમાં સનાતન જ રાષ્ટ્રીય ધર્મ : યોગી

। (એજન્સી) લખનૌ, તા.૨૦ ।



મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અશર્ફી ભવન નજીક મંડપમાં આયોજિત પંચ નારાયણ મહાયજ્ઞમાં આહુતિ આપી હતી. આ દરમિયાન મુખ્યમંત્રીએ સંબોધન આપતા કહ્યું કે, શ્રીહરિની કૃપાથી આ સૃષ્ટિનું સંચાલન થાય છે. અયોધ્યા ધામ ત્રેતાયુગની કલ્પનાને જીવંત કરી રહ્યું છે. જો આપણે વિશ્વ માનવતાને બચાવવી હોય તો સનાતન ધર્મનું રક્ષણ કરવું પડશે. મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે, આપણે વિરાસતને ભૂલીને ભૌતિક વિકાસ જાળવી શકતા નથી. હેરિટેજ અને ભૌતિક વિકાસ વચ્ચે સમન્વય હોવો જોઈએ. ભારતની પરંપરા તેના પ્રિય દેવતાઓ, ધાર્મિક સ્થળો અને મૂલ્યો પર આધારિત છે. જો આપણે આ મૂલ્યોને યાદ કરીને આગળ વધીશું તો ભારત બચેલું રહેશે. વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં નવું ભારત વિકસિત ભારત તરીકે આગળ વધી રહ્યું છે.મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે, વિશ્વ માનવતાને બચાવવી હશે તો સનાતન ધર્મને સુરક્ષિત રાખવો પડશે. સનાતન ધર્મ સુરક્ષિત છે તો બધુ સુરક્ષિત છે. કોઈ મત નથી, કોઈ ધર્મ નથી. તેમાં સૌના કલ્યાણની વાત કરવામાં આવી છે. સનાતન ધર્મમાં વસુદેવ કુટુંબકમની વાત કહેવામાં આવી છે. દુનિયાની તમામ જાતિ, મત, ધર્મ, સંપ્રદાયના લોકોને સંકટ સમયે સનાતન ધર્મે આશરો આપ્યો. પરંતુ, આજે દુનિયામાં હિન્દુઓની સાથે શું થઈ રહ્યું છે? બાંગ્લાદેશમાં શું થઈ રહ્યું છે?



નાગપુરમાં મહારાષ્ટ્ર વિધાનસભાના શિયાળુ સત્ર દરમિયાન મહારાષ્ટ્રના પ્રધાનો ચંદ્રકાંત પાટીલ, અતુલ સેવ ભાજપના ધારાસભ્યો સાથે કોંગ્રેસ સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

## બાઈડેન અને કમલા હેરિસે અચાનક રદ કરી ક્રિસમસ ટ્રીપ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૦ ।

અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ જો બાઈડેન અને ઉપરાષ્ટ્ર પ્રમુખ કમલા હેરિસે અચાનક પોતાની રજાનો પ્લાન રદ કરી દીધો છે. અમુક અહેવાલ અનુસાર, તેનાથી વ્હાઈટ હાઉસમાં કટોકટીની સ્થિતિની અટકળોને બળ મળ્યું છે. મળતી માહિતી મુજબ, જો બાઈડેને ડેલાવેયરમાં પોતાની નાતાલ ઉજવણીનું આયોજન રદ કરી દીધું છે અને તે વ્હાઈટ હાઉસ પરત ફરી ગયા છે. જોકે, ઉપરાષ્ટ્ર પ્રમુખ કમલા હેરિસે જાહેરાત કરી કે, તે કેલિફોર્નિયાની યાત્રા નહીં કરે. ગુરૂવારે મોડી રાત્રે બાઈડેન, ફર્સ્ટ લેડી જિલ બાઈડેન સાથે પોતાના કાફલા સાથે ઝડપ થી નીકળતા જોવા મળ્યાં હતાં. જોકે, વ્હાઈટ હાઉસે હજુ સુધી કોઈ નિવેદન નથી આપ્યું, પરંતુ સોશિયલ મીડિયા યુઝર્સ દ્વારા આ મામલે ઘણાં પ્રકારની અટકળો ચાલી રહી છે.

### રોકાણકારોએ ૯૦૦૦૦૦ કરોડ ગુમાવ્યા

## સેન્સેક્સ ૧,૧૭૬ પોઈન્ટ તૂટ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।



શુક્રવારે સ્થાનિક શેરબજારમાં હાહાકાર જોવા મળ્યો હતો. બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) બેન્ચમાર્ક સેન્સેક્સ સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ સેશનમાં ૧૧૭૬.૪૬ પોઈન્ટ ઘટીને ૭૮,૦૪૧.૫૯ના સ્તરે બંધ થયો હતો. એ જ રીતે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ ૩૬૪.૨ પોઈન્ટના મોટા ઘટાડા સાથે ૨૩૫૮૭.૫૦ ના સ્તરે બંધ રહ્યો હતો. બજારમાં ભારે ઘટાડાથી આજે રોકાણકારોને ભારે નુકસાન થયું હતું. તમને જણાવી દઈએ કે BSE પર લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ ૧૯ ડિસેમ્બરે ૪.૪૯ લાખ કરોડ રૂપિયા હતી, જે ૨૦ ડિસેમ્બરે ઘટીને ૪.૪૦ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ. આ રીતે રોકાણકારોએ એક જ દિવસમાં ૯ લાખ કરોડ રૂપિયા ગુમાવ્યા. નિફ્ટીમાં ટ્રેન્ટ, ટેક મહિન્દ્રા, એમએન્ડએમ, ઈન્ડસઈન્ડ બેન્ક, એક્સિસ બેન્ક સૌથી વધુ ઘટ્યા હતા, જ્યારે ડૉ. રેડ્ડીઝ લેબ્સ, નેસ્લે ઈન્ડિયા, આઈસીઆઈસીઆઈ બેંક વધ્યા હતા. તમામ ક્ષેત્રીય સૂચકાંકો લાલ નિશાનમાં બંધ થયા છે. આમાં રિયલ્ટી ઈન્ડેક્સ ૪ ટકા, ઓટો, આઈટી, કેપિટલ ગુડ્સ, મેટલ, ટેલિકોમ, પીએસયુ બેંક દરેક ૨ ટકા ઘટ્યા હતા. BSE મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકોમાં ૨% થી વધુનો ઘટાડો નોંધાયો છે. માર્કેટમાં આજના ઘટાડાનું કારણ FII દ્વારા વેચવામાં આવેલ તીવ્ર વધારો છે. સતત પાંચમા સત્રમાં ઘટાડો જોવા મળ્યો હતો. છેલ્લા પાંચ દિવસમાં રોકાણકારોને ૧૮ લાખ કરોડનું નુકસાન થયું છે, કારણ કે BSE-લિસ્ટેડ કંપનીઓની કુલ માર્કેટ મૂડી ૧૩ ડિસેમ્બર, શુક્રવારે ૪૫૯ લાખ કરોડ હતી. NSE પર તમામ મુખ્ય ક્ષેત્રીય સૂચકાંકો ૨૦ ડિસેમ્બરે ઘટ્યા હતા. નિફ્ટી રિયલ્ટી ૪ ટકા, જ્યારે પીએસયુ બેન્ક અને આઈટી સૂચકાંકો લગભગ ૩ ટકા ઘટ્યા હતા.

### ૫ લોકોના મોત અને ૨૭ ઈજાગ્રસ્ત

## મહારાષ્ટ્રમાં લગ્નમાં જઈ રહેલી પ્રાઈવેટ બસ પલટી

। (એજન્સી) રાયગઢ, તા.૨૦ ।

મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં એક ભયાનક રોડ અકસ્માતની ઘટના બની છે શુક્રવારે સવારે લગ્ન સમારોહમાંથી લોકોને લઈ જઈ રહેલી હાઈસ્પીડ બસ પલટી જતાં પાંચ લોકોના મોત થયા હતા. જ્યારે ૨૭ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. પોલીસે આ અકસ્માત અંગે માહિતી આપી છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ અકસ્માત સવારે ૯.૧૫ વાગ્યે માનગાંવ નજીક તામહિની ઘાટ પર થયો હતો. બસ પુણેના લોહેગાંવથી મહાડના બિરવાડી તરફ જઈ રહી હતી. ત્યારે એક વળાંક પર ચાલકે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો. આ પછી બસ પલટી મારી ગઈ હતી. બસે પલટી મારતા ૫ લોકોના મોત થયા છે. પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ દુર્ઘટનામાં બે પુરૂષ અને ત્રણ મહિલાઓ સહિત પાંચ લોકોના મોત થયા છે. ૨૭ ઘાયલ લોકોને માનગાંવ ગ્રામીણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ચાર મૃતકોની ઓળખ સંગીતા જાધવ, ગૌરવ દરાડે, શિલ્પા પવાર અને વંદના જાધવ તરીકે થઈ છે, જ્યારે એક વ્યક્તિની ઓળખ થઈ શકી નથી. ગેટવે ઓફ ઈન્ડિયા પાસે મુસાફરો ભરેલી બોટ અચાનક પલટી ગઈ હતી. આ અકસ્માતમાં ૧૩ લોકોના મોત થયા હતા અને ૧૦૧ મુસાફરોને બચાવી લેવામાં આવ્યા હતા. આ અકસ્માત સાંજે ૫.૩૦ વાગ્યાની આસપાસ થયો હતો.

## પંડિત પ્રદીપ મિશ્રાની કથામાં મચી ભાગદોડ, અનેક ઘાયલ

। (એજન્સી) મેરઠ, તા.૨૦ ।

ઉત્તર પ્રદેશના મેરઠમાં પંડિત પ્રદીપ મિશ્રાની કથા દરમિયાન ભાગદોડ મચી ગઈ હતી. આ દરમિયાન ચાર મહિલાઓ ઘાયલ થઈ હોવાની માહિતી મળી રહી છે. પરતાપુરના મેદાનમાં શિવ મહાપુરાણની કથા ચાલી રહી હતી. મળતી માહિતી મુજબ છેલ્લા પાંચ દિવસથી આ કાર્યક્રમ ચાલી રહ્યો હતો અને આજે છેલ્લો દિવસ હતો. પ્રાથમિક માહિતી મુજબ કથાના અંતિમ દિવસે પોલીસ દ્વારા કોઈ યોગ્ય સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી ન હતી. ઘટનાની જાણકારી મળ્યા બાદ પ્રશાસન અને પોલીસની ટીમ ઘટનાસ્થળે હાજર છે.

## હિન્દુ લગ્ન પવિત્ર સંસ્થા છે કોઈ બિઝનેસ નહિ : સુપ્રીમ કોર્ટ

### પતિ સારું કમાતો હોય તો ભરણપોષણ ભથ્થું વધારે ન માંગી શકાય : સુપ્રીમ કોર્ટ દ્વારા ટકોર કરવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।



સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે મહિલાઓના કલ્યાણ માટે બનેલા કાયદાનો દુરુપયોગ તેમના પતિને હેરાન કરવા, ધમકાવવા અથવા પૈસા પડાવવા માટે થવો જોઈએ નહીં. સર્વોચ્ચ અદાલતે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભરણપોષણનો અર્થ ભૂતપૂર્વ જીવનસાથીઓની નાણાકીય સ્થિતિને સમાન બનાવવા માટે નથી, પરંતુ આશ્રિત મહિલાને જીવનધોરણનું વાજબી ધોરણ પૂરું પાડવા માટે છે. કોર્ટે ચુકાદો આપ્યો હતો કે ભૂતપૂર્વ પતિ તેની વર્તમાન નાણાકીય પરિસ્થિતિના આધારે તેની ભૂતપૂર્વ પત્નીને અનિશ્ચિત સમય સુધી ભરણપોષણ આપવા માટે બંધાયેલા ન હોઈ શકે. તેણે એમ પણ કહ્યું કે હિંદુ લગ્નને એક પવિત્ર સંસ્થા માનવામાં આવે છે, કુટુંબનો પાયો છે, કોઈ બિઝનેસ નથી. જસ્ટિસ બી.વી. નાગરત્ના અને પંકજ મીઠાની બેન્ચે જણાવ્યું હતું કે, 'મહિલાઓએ સાવચેત રહેવાની જરૂર છે કે તેમના હાથમાં કાયદાની આ કડક જોગવાઈઓ તેમના કલ્યાણ માટે ફાયદાકારક છે અને તેમના પતિઓને સજા કરવા, ધમકાવવા અથવા ડરાવવા માટે કે પૈસા પડાવવા માટે નથી.' સુપ્રીમ કોર્ટે તાજેતરમાં એક મહત્વ પૂર્ણ કેસની સુનાવણી દરમિયાન પત્ની દ્વારા તેના પતિની રૂ.૫૦૦૦ કરોડની મિલકતમાંથી ભરણ પોષણ તરીકે મોટી રકમની માંગણી સામે સખત વાંધો ઉઠાવ્યો હતો. આ કેસમાં એક અરજી સામેલ હતી જેમાં એક પત્નીએ છૂટાછેડા પછી તેના પતિ પાસેથી મોટી રકમની માંગણી કરી હતી, ખાસ કરીને જ્યારે પતિએ તેની પ્રથમ પત્નીને ૫૦૦ કરોડ રૂપિયા ભરણ પોષણ તરીકે આપી દીધા હતા. આ મામલો એટલો જટિલ હતો કે સુપ્રીમ કોર્ટના મહિલા ન્યાયાધીશ જસ્ટિસ બી. વી. નાગરત્નાએ આ અંગે વિગતવાર વિચારણા કરી અને પત્નીની ભારે માંગ પર કડક ટિપ્પણી કરી હતી. જજે સ્પષ્ટ કહ્યું કે આ માગણી સંપૂર્ણપણે કાયદાની વિરુદ્ધ છે અને આ પ્રકારનો દાવો માત્ર આર્થિક સ્થિતિના આધારે કરી શકાય નહીં.

### આટલી સારી એક્ટિંગ કોઈ ના કરી શકે : જયા બચ્ચન

## ધક્કામુક્કીમાં ઈજાગ્રસ્ત ભાજપ સાંસદ પર જયા બચ્ચનનો કટાક્ષ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

રાજ્યસભા સાંસદ જયા બચ્ચને ઈજાગ્રસ્ત ભાજપ સાંસદ પ્રતાપ સારંગી પર કટાક્ષ કર્યો છે. જયા બચ્ચને કહ્યું કે, તેઓ એક્ટિંગ કરી રહ્યા છે. સારંગી સંસદ ભગનની સીઢી પરથી પડીને ઈજાગ્રસ્ત થયા છે. શુક્રવારે સંસદ ભવન પરિસરમાં ગૃહમંત્રી અમિત શાહની માફી અને રાજીનામાની માંગ સાથે વિપક્ષ પ્રદર્શન કરી રહ્યું છે. પ્રદર્શનમાં સામેલ જયા બચ્ચને કહ્યું, 'અમે લોકો તમામ ગૃહની અંદર જવાનો પ્રયાસ કરી રહ્યા હતાં, આ લોકોએ અમને જવા ન દીધાં. તમામ સીઢીમાં જાડા લોકો ઊભા હતાં. આવી સ્થિતિમાં જો કોઈ બીજા પર પડશે, તો બાજુવાળો વ્યક્તિ પણ પડશે જ. હું તો એટલું જ કહીશ કે, આ બધો બેકાર ડ્રામા છે.' જયા બચ્ચને આ વિશે વધુમાં કહ્યું, સારંગી જી, રાજપૂત જી અને નાગાલેન્ડની મહિલાથી સારી એક્ટિંગ કોઈ પણ ન કરી શકે. આ ત્રણેયથી સારી એક્ટિંગ કરતાં આજ સુધી કોઈને નથી જોયા. આ બધાં (ભાજપ નેતા) લોકો સીઢી પર ચઢી ગયા હતાં. નીચે તો અમે લોકો ઊભા હતા. અમે ઉપર જવાનો પ્રયાસ કરી રહ્યા હતાં.

### દિલ્હીની લડાઈ મુંબઈ સુધી પહોંચી

## BJP યુવા મોરચાના કાર્યકરોએ કોંગ્રેસ કાર્યાલયમાં કરી તોડફોડ

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચા (બીજેવાયએમ)ના કાર્યકરોએ ગુરુવારે મુંબઈના કોગ્રેંસ કાર્યલયમાં તોડફોડ કરી હતી. સંસદમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે થયેલાં ઘર્ષણના પડઘા રુપે મુંબઈમાં કોંગ્રેસ કાર્યાલયમાં ઘસી ગયેલા ભાજપના કાર્યકરોને વિખેરવા પોલીસે લાઠીચાર્જ કરવો પડયો હતો. કેટલાક કાર્યકરોની અટકાયત પણ કરવામાં આવી હતી. આઝાદ મેદાન ખાતે કોંગ્રેસના કાર્યાલય સામે દેખાવો માટે એકઠા થયેલા ભાજપના યુવા મોરચાના કાર્યકરો એકાએક આક્રમક બની કોંગ્રેસ ઓફિસમાં ઘૂસી ગયા હતા. તેમણે ઓફિસનાં ફર્નિચર, નોટિસ બોર્ડ, દરવાજા વગેરેની તોડફોડ કરી હતી, દસ્તાવેજો ફાડી નાખ્યા હતા, પાર્ટીનાં પોસ્ટરો પણ ફાડયાં હતાં તથા શ્રીમતી સોનિયા ગાંધી સહિતના નેતાઓની તસવીરો પર શાહીના કૂચડા ફેરવ્યા હતા. આ ઘટનામા પોલીસે દરમિયાનગીરી કરીને ભીડને ખસેડવા માટે લાઠીચાર્જ કર્યો હતો અને કેટલાક કાર્યકરોની અટકાયત કરી હતી અને તેમને આઝાદ મેદાન પોલીસ સ્ટેશને લઈ ગયા હતા.

### સાત વર્ષ કરી હતી નોકરી

## પૂર્વ કોન્સ્ટેબલના ઘરે રેડમાં મળ્યા ૨.૮૫ કરોડ રૂપિયા રોકડા, ૫૦ લાખના ઘરેણાં

। (એજન્સી) ભોપાલ, તા.૨૦ ।

ભોપાલના E-7 અરેરા કોલોનીમાં ભૂતપૂર્વ RTO કોન્સ્ટેબલ સૌરભ શર્માના નિવાસસ્થાન અને ઓફિસ પર લોકાયુક્ત પોલીસે ગુરુવારે સવારે દરોડા પાડ્યા હતા. તેમની ઓફિસમાંથી ૧ કરોડ ૧૫ લાખ રૂપિયા અને ઓફિસમાંથી ૧ કરોડ ૭૦ લાખ રૂપિયાની રોકડ સાથે કુલ ૨ કરોડ ૮૫ લાખ રૂપિયાની રોકડ મળી હતી. લોકાયુક્ત પોલીસ ઘણા મહિનાઓથી સૌરભની ગતિવિધિઓ પર નજર રાખી રહી હતી. કોન્સ્ટેબલ સૌરભના ઘરેથી રોકડ ઉપરાંત ૨ કરોડ રૂપિયાની જંગમ અને સ્થાવર મિલકત તેમજ ૫૦ લાખ રૂપિયાની જ્વેલરી મળી આવી છે. જેમાં હીરા, સોના અને ચાંદીના દાગીના સામેલ છે. શર્માએ બે વર્ષ પહેલા આરટીઓમાં કોન્સ્ટેબલના પદ પરથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી હતી. તેણે માત્ર સાત વર્ષ જ કામ કર્યું. વર્ષ ૨૦૧૫માં સૌરભ અનુકંપા આધારે પોલીસ સેવામાં નિમણૂક પામ્યા હતા. પોલીસમાં આવક કરતાં અપ્રમાણસર મિલકતના કેસમાં પોલીસે આ કાર્યવાહી કરી છે. એડીજી લોકાયુક્ત જયદીપ પ્રસાદે કાર્યવાહીની પુષ્ટિ કરી છે.

## ગુજરાતથી ગાડી સીધી પંજાબ સડસડાટ દોડશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

હવે સડક માર્ગે ગુજરાતથી પંજાબ જવું સરળ બનશે, આ કામ નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા કરશે. હકીકતમાં, NHAI દ્વારા ભારતના બીજા સૌથી લાંબા અમૃતસર-જામનગર એક્સપ્રેસવે પર કામ પૂરજોશમાં કરવામાં આવી રહ્યું છે. અમૃતસર-જામનગર એક્સપ્રેસ-વે આવતા વર્ષ સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે. આ એક્સપ્રેસ વે દ્વારા ૪ રાજ્યોની કનેક્ટિવિટી સુધરશે. જેમાં રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને ગુજરાતનો સમાવેશ થાય છે. એક્સપ્રેસ વેના નિર્માણથી આ ચાર રાજ્યોને ફાયદો થશે. NHAI ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ અમૃતસર-જામનગર એક્સપ્રેસ વેનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ હાઈવેનો ૯૧૫ કિમીનો હિસ્સો ગ્રીનફિલ્ડ એલાઈનમેન્ટના આધારે બનાવવામાં આવશે.

## અમદાવાદમાં AMCએ જન્મ-મરણ E-KYC માટે મહત્વનો નિર્ણય લીધો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

અમદાવાદમાં AMCએ જન્મ-મરણ E-KYC માટે મહત્વનો નિર્ણય લીધો હતો. જેમાં પિતાના નામને લઈને મહત્વનો નિર્ણય એએમસી દ્વારા લેવામાં આવ્યો હતો. અમદાવાદમાં છસ્ઝએ જન્મ-મરણ E-KYC માટે મહત્વનો નિર્ણય લીધો છે. જેમાં પિતાના નામ પાછળ કુમાર કે ભાઈ લખવવા માટે એફિડેવિટ નહીં કરાવવું પડે. મળતી માહિતી મુજબ અનેક લોકો એફિડેવિટને લઈને પરેશાન થતા હોવાની ફરિયાદ મળી રહી હતી. ત્યારે કમિશનરના પત્ર હોવા છતાં એફિડેવિટ કરાતા નાગરિકોને હાલાકી થતી હતી. ઉપરાંત બાળકના નામ પાછળ પિતાના નામમાં કુમાર કે ભાઈ લખાવવા માટે એફિડેવિટ આપવાની ફરજ પડતી હતી. ત્યારે પિતાના નામને લઈને મહત્વનો નિર્ણય એએમસી દ્વારા લેવામાં આવ્યો હતો.

# UKની મહિલાની રિક્વેસ્ટ વૃદ્ધે સ્વીકારી, ૧.૨૯ કરોડ ગુમાવ્યા

### ડરી ગયેલા વૃદ્ધે સાયબર ગઠિયાઓએ જેમ આદેશ કર્યો તેમ તેમના કહ્યા મુજબના ખાતામાં રૂ. ૧.૨૯ કરોડ ટ્રાન્સફર કરી દીધા હતા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

આનંદનગરના વૃદ્ધે FB પર આવેલી ફ્રેન્ડ રિક્વેસ્ટ એક્સેપ્ટ કરી અને સાયબર ગઠિયાનો ભોગ બની ૧.૨૯ કરોડ ગુમાવ્યા છે. યુકેની કથિત નિશ વિલિયમ્સની ફ્રેન્ડ રિક્વેસ્ટ સ્વીકાર્યા બાદ તેની સાથે મિત્રતા થઈ. નિશ વિલિયમ્સે પોતાની માતા રાજસ્થાનની હોવાનું કહી પોતે ભારત આવી રહી છે તેમ આધેડને જણાવ્યું હતું. બીજા જ દિવસે દિલ્હી એરપોર્ટ ઓથોરિટીનો ખોટો ફોન આવ્યો અને વૃદ્ધને જણાવવામાં આવ્યું, કે તમારી મહિલા મિત્ર ૮૦ હજાર પાઉન્ડ સાથે ઝડપાઈ છે. જો મનિલોન્ડરિંગ કે ટેરર ફંડના કેસમાં ન પડવું હોય તો ડબલ રૂપિયા આપવા પડશે. ડરી ગયેલા વૃદ્ધે સાયબર ગઠિયાઓએ જેમ આદેશ કર્યો તેમ તેમના કહ્યા મુજબના ખાતામાં રૂ. ૧.૨૯ કરોડ ટ્રાન્સફર કરી દીધા હતા.આનંદનગરમાં રહેતા અને નિવૃત્ત જીવન ગુજારતા પ્રફુલ્લચંદ્ર શાહ FB પર એક્ટિવ છે. ગત વર્ષે તેમના FB પર એક નિશ વિલિયમ્સની ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. જે એક્સેપ્ટ કર્યા બાદ ચેટ દ્વારા તેમને નિશ સાથે મિત્રતા થઈ હતી. નિશએ પ્રફુલ્લચંદ્રનો નંબર મેળવી વોટ્સએપ પર વાતો શરૂ કરી હતી. નિશ વિલિયમ્સે જણાવ્યું હતું કે, તે યુકેમાં રહે છે. થોડા દિવસો બાદ તેણે તેની માતા રાજસ્થાનની હોવાનું કહ્યું હતું અને તે આગામી દિવસોમાં ભારત આવશે તેમ કહ્યું હતું. નિશ વિલિયમ્સે હવે તેને ભારતના વીઝા મળી ગયા છે માટે તે ભારત આવી રહી છે તેમ કહ્યું અને બીજા જ દિવસે પ્રફુલ્લચંદ્ર પર દિલ્હી એરપોર્ટ પરથી કોલ આવ્યો.પ્રફુલ્લચંદ્રને કહેવામાં આવ્યું કે, તમારી મિત્ર નિશ વિલિયમ્સ દિલ્હી એરપોર્ટ પર ૮૦ હજાર પાઉન્ડ સાથે ઝડપાઈ છે. આ પાઉન્ડ તમારા માટે લાવવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. માટે હવે તમારા વિરુદ્ધ મનીલોન્ડરિંગ તથા ટેરર ફંડના કેસ થશે. પ્રફુલ્લચંદ્ર ડરી ગયા ત્યારે સાયબર ગઠિયાઓએ ઓફર મૂકી કે જો આ માથાકૂટમાં પડવું ના હોય તો ૮૦ હજાર પાઉન્ડના ડબલ રૂપિયા આપી દો. પ્રફુલ્લચંદ્રને ડરાવી ગઠિયાઓએ જુદા જુદા એકાઉન્ટમાં રૂ. ૧.૨૯ કરોડ ટ્રાન્સફર કરાવી લીધા હતા. પ્રફુલ્લચંદ્રે આનંદનગર પોલીસ મથકમાં ફરિયાદ કરી છે.

### આ અંગે સાયબર ક્રાઇમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે

## કાંકરેજના થરાના યુવકને ડિજિટલ એરેસ્ટ કરી રૂ. ૨૮.૧૯ લાખની છેતરપિંડી

### કાંકરેજ થરાના યુવકને અજાણ્યા શખ્સોએ દિલ્હી ક્રાઇમ બ્રાંચના ઓફિસરની ઓળખ આપી હતી

। (એજન્સી) પાલનપુર, તા.૨૦ ।

કાંકરેજ તાલુકાના થરાના યુવકને અજાણ્યા શખ્સોએ દિલ્હી ક્રાઈમ બ્રાંચના ઓફિસરની ઓળખ આપી યુવકના નામના પાર્સલમાં ડ્રગ્સ હોવાનું કહી રૂ. ૨૮.૧૯ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી દીધા હતા. આ અંગે યુવકે પાલનપુર સાઈબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. કાંકરેજ તાલુકાના થરાના ભક્તિનગરના ધમેન્દ્રકુમાર પ્રવિણચંદ્ર જોષી (હાલ રહે. અમદાવાદ) વિદેશની એક કંપનીમાં ફરજ બજાવે છે. તેઓ ૧૩ ઓક્ટોબર ૨૦૨૪ના દિવસે થરા તેમના ઘરે હતા ત્યારે અજાણ્યા શખ્સે દિલ્હીના કુરિયરમાંથી બોલું છું તેમ કહી તમારૂ પાર્સલ થાઈલેન્ડથી પરત આવ્યું છે. જેમાં ડ્રગ્સ, ક્રેડિટ કાર્ટ અને મની લોડન્ડરિંગ લગતની મેટર છે.પાર્સલમાં તમારુ આધારકાર્ડ અને મોબાઈલ નંબર આપેલો છે. જો તમારૂ પાર્સલ ન હોય તો કોલ દિલ્હી ક્રાઈમ બ્રાંચ પોલીસને ટ્રાન્સફર કરીએ છીએ જ્યાં આધારકાર્ડનો દૂરપયોગ થયો હોવાની કમ્પલેઈન લખાવી દેજો તેમ કહી ફોન કટ કરી દીધો હતો. તે પછી બપોરના સુમારે બીજા મોબાઈલ નંબરથી ફોન આવ્યો હતો. જેમાં અજાણ્યા શખ્સે દિલ્હી ક્રાઈમ બ્રાન્ચની ઓળખ આપી પાર્સલ, આધારકાર્ડ, મોબાઈલ નંબરનું વેરીફિકેશન કરવાનું કહ્યુ હતુ. જે બાદ આઈપીએસનો ડ્રેસ પહેરેલા શખ્સે વીડિયોકોલ કરી તમામ માહિતી મેળવી લીધી હતી. તે પછી તા. ૧૩થી ૧૮ ઓક્ટોબર દરમિયાન વોટ્સએપ, વીડિયોકોલ કરી મની લોન્ડરિંગનો કેસ થયેલો હોઈ ભારે કલમો લાગૂ પડવાની છે.

### ઊંઝા પંથકમાં બનાવટી જીરું બનાવવાની પ્રવૃત્તિ સામે લાલ આંખ

## રેડમાં લેવાયેલા જીરુંના નમુના અનસેફ જાહેર થતાં કોર્ટમાં ૪ કેસ દાખલ કરાયા

### આ કેસમાં શંકાસ્પદ જીરું, વરિયાળીનું ભૂસું, બ્રાઉન પાવડર, ગોળની રસી વગેરે કુલ રૂ.૮૧ લાખથી વધુનો મુદ્દામાલ સીઝ કરાયો હતો

। (એજન્સી) મહેસાણા, તા.૨૦ ।

મહેસાણા ફૂડ વિભાગે ગત વર્ષે ઊંઝા પંથકમાં કુલ સ્થળે કરેલી રેડ દરમિયાન લેવાયેલા શંકાસ્પદ જીરું સહિતના નમુના અનસેફ (બિન આરોગ્યપ્રદ) જાહેર થતાં ફૂડ વિભાગે સંબંધિત જવાબદારો સામે ઊંઝાના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં અલગ અલગ ચાર ક્રિમિનલ કેસ દાખલ કર્યા છે. મહેસાણા ફૂડ વિભાગના ડેજીગ્નેટેડ ઓફિસર વી.જે.ચૌધરીએ જણાવ્યા મુજબ ફૂડ વિભાગે તા.૧૭-૫-૨૦૨૩ના રોજ ઊંઝા તાલુકાના સુણક ખાતે મે.સુજીતકુમાર ઈશ્વરલાલ પટેલની ફેક્ટરીમાં કરેલી રેડ દરમિયાન વિવિધ નમુના લેવાયા હતા. જેમાં જીરૂ (લુઝ), મિક્સ પાવડર (એડલ્ટ્રન્ટ) અને ગોળની રસી (લુઝ)ના નમુના અનસેફ જાહેર થતાં ઊંઝાના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં બે અલગ અલગ ક્રિમિનલ કેસ તા.૧૩-૧૧-૨૦૨૪ના રોજ દાખલ કરવામાં આવ્યા હતા. જ્યારે તા.૧૧-૧૨-૨૦૨૩ના રોજ ઊંઝાના ગંગાપુરા રોડ પર વેરાઈ માતાજીના મંદિર નજીક પટેલ ધર્મેશકુમાર અંબાલાલના ગોડાઉનમાં કરેલી રેડ દરમિયાન લેવાયેલા નમુના પૈકી બનાવટી જીરૂ (લુઝ), મિક્સ પાવડર અને ગોળની રસી અનસેફ જાહેર થયા હતા. જેથી આ કિસ્સામાં પણ ઊંઝાના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં બે અલગ અલગ ક્રિમિનલ કેસ દાખલ કરાયા છે. ઉલ્લેખનિય છે કે, આ કેસમાં કલમ-૫૯, કલમ-૫૭ હેઠળ જેલની સજાને પાત્ર ગુનો બને છે.ઊંઝાના રામપુરાથી દાસજ રોડ વચ્ચે (ગંગાપુરા રોડ) પર આવેલી ઉમા એન્ટરપ્રાઈઝ ફેક્ટરીમાં ૫ ટેલ મહેશભાઈ નટવરભાઈ અને પટેલ ભાર્ગવકુમાર પ્રવિણભાઈ વરિયાળીમાંથી બનાવટી જીરું અને કલરવાળી વરિયાળી બનાવતા હોવાની બાતમીના આધારે મહેસાણા એલસીબીની ટીમે ગત ૨૬-૧૦-૨૦૨૪ના રોજ ત્યાં રેડ કરી હતી. આ કેસમાં શંકાસ્પદ જીરું, વરિયાળીનું ભૂસું, બ્રાઉન પાવડર, ગોળની રસી વગેરે કુલ રૂ.૮૧ લાખથી વધુનો મુદ્દામાલ સીઝ કરાયો હતો અને ફૂડ વિભાગના અધિકારીઓએ વિવિધ આઠ નમુના લીધા હતા. જે પૈકી કેટલાક નમુનાનું પરિણામ બાકી છે, જ્યારે વરિયાળી (લુઝ) અનસેફ, જીરૂ (લુઝ) અનસેફ અને સબ સ્ટાન્ડર્ડ તેમજ નાની વરિયાળી (લુઝ) (એડલ્ટ્રન્ટ) સબ સ્ટાન્ડર્ડ હોવાનું જાહેર થયું છે. આ કિસ્સામાં પણ સંબંધિતો સામે પગલાં લેવાશે.

## હિંમતનગરમાં ભાજપના મંડલ પ્રમુખ બનવા કિન્નરની ઉમેદવારી

। (એજન્સી) હિંમતનગર, તા.૨૦ ।

સાબરકાંઠા જિલ્લામાં ભાજપ સંગઠન દ્વારા નવુ સંગઠન બનાવવા માટેની ગતિવિધિઓ શરૂ કરી છે. હિંમતનગર, પ્રાંતિજ, તલોદ સહિતના વિધાનસભા વિસ્તારોમાં મંડલ પ્રમુખ તથા અન્ય પદાધિકારીઓની પસંદગી કરવા માટે નિરીક્ષકોએ મુલાકાત લીધી છે. ત્યારે હિંમતનગર શહેરમાં મંડલ પ્રમુખ બનવા માટે સ્નાતકનો અભ્યાસ કરતા એક શિક્ષિત કિન્નરે પણ ઉમેદવારી નોંધાવી છે. આ અંગે સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ, થોડાક દિવસ અગાઉ હિંમતનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારના પદાધિકારીઓની નિમણુક કરવા માટે ઉમેદવારી કરવા માંગતા કાર્યકરો પાસે ઉમેદવારી પત્રો ભરાવ્યા હતા. જેમાં હિંમતનગર શહેરના ભાજપ સંગઠનમાં પ્રમુખ તરીકે જોડાવા માટે સોનલ દે નામના કિન્નરે જિલ્લા કાર્યાલયમાં જઈને પોતાની દાવેદારી નોંધાવી છે. તે પાછળ સોનલ દે નું માનવું છે કે, તેઓ શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં સારા નરસા પ્રસંગોમાં જતા હોવાને કારણે વધુ લોકસંપર્ક ધરાવતા હોય છે.

## રાજ્યના વર્ગ ૧-૨ના અધિકારીઓ તેમજ વર્ગ-૩નાં કર્મચારીઓને સમયની માંગ મુજબ તાલીમ આપી "સુશાસન" માટે તૈયાર કરતી એકમાત્ર સંસ્થા – સ્પીપા

। અમદાવાદ, તા.૨૦ ।

ગુજરાત સરકારની પ્રતિષ્ઠિત એવી રાજ્યકક્ષાની તાલીમ સંસ્થા એટલે "સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા"-SPIPA. માનવ સંસાધન કૌશલ્યવર્ધન થકી સુશાસનને સરળ બનાવવાના હેતુસર અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ માટે મુખ્યત્વે સ્પીપા, અમદાવાદ સહિત વિવિધ તાલીમ કેન્દ્રો દ્વારા વિવિધ તાલીમ કાર્યક્રમો અને પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે છે. આ સંસ્થા દ્વારા રાજ્ય સરકારની સેવામાં નવી નિમણૂક પામી જોડાતા અધિકારીઓ તેમજ કર્મચારીઓને સરકારી નિયમો અને કાર્યપ્રણાલીઓનું અદ્યતન જ્ઞાન આપી અસરકારક સેવા પૂરી પાડવા માટે તાલીમબદ્ધ કરવાનું જરૂરી કાર્ય કરવામાં આવે છે. સ્પીપા ખાતે વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓ તેમજ વર્ગ-૩નાં કર્મચારીઓ માટેની પૂર્વ સેવા તાલીમનું આયોજન કરવામાં આવે છે. આ તાલીમને અંતે પરીક્ષા યોજાય છે, જે નિયત તકોમાં પાસ કરવી દરેક અધિકારી-કર્મચારી માટે ફરજિયાત હોય છે. વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૨૨ પૂર્વ સેવા તાલીમાંત તેમજ બઢતી માટેની ખાતાકીય પરીક્ષાઓમાં ૨,૫૪૦ પરીક્ષાર્થીઓ તથા વર્ષ ૨૦૨૪-૨૫ એપ્રિલ થી નવેમ્બર માસ સુધી કુલ ૧૨ પૂર્વ સેવા તાલીમાંત તેમજ બઢતી માટેની ખાતાકીય પરીક્ષાઓમાં ૨,૯૩૮ પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્પીપા દ્વારા પ્રોબેશ્નર આઈ.એ.એસ. અધિકારીઓ તેમજ રાજ્ય સરકારના અધિકારીઓ-કર્મચારીઓ માટે સમયની માંગ મુજબની તાલીમ, વિવિધ નિયમો અને વિનિમયો પરની સેવાકાળ દરમિયાનની ખાતાકીય તાલીમ, ઈન્ડક્શન તાલીમ, માહિતી અધિકાર અને જાહેર સેવાઓ અંગેના નાગરિકોના અધિકાર અધિનિયમ સંબધિત તાલીમ કાર્યક્રમો, WTO સંબંધિત કાર્યક્રમો સંદર્ભે નોડલ સંસ્થા તરીકે તાલીમ કાર્યક્રમો, રાજ્ય અને રાષ્ટ્રીયકક્ષાના પરિસંવાદો, કાર્યશાળાઓ, પરિષદો, ચર્ચાઓ, લેક્ચર સિરીઝ, કસ્ટમાઈઝડ તાલીમ કાર્યક્રમો, વહીવટી વિકાસ કાર્યક્રમો, જ્ઞાનવર્ધક કાર્યક્રમો, ગુજરાત સેન્ટર ફોર ગુડ ગવર્નન્સ દ્વારા ક્ષમતા નિર્માણ કાર્યક્રમો, સીસીસી પરીક્ષાઓ માટે તાલીમ અને પરીક્ષા વગેરેનું આયોજન કરવામાં આવે છે. સ્પીપા તાલીમ કેન્દ્રમાં વર્ષ ૨૦૨૩-૨૪ અને વર્ષ ૨૦૨૪-૨૫માં અનુક્રમે ગેઝેટેડ ઓફિસર્સ બેચના ૨૭૨ અને ૨૧૫, વર્ગ-૩ના ૨૦૭૯ અને ૧૫૧૫, કસ્ટમાઈઝ તાલીમમાં ૯૪૩ અને ૩૪૬, ઈ.ડી.પી. તાલીમમાં ૫૪૯ અને ૨,૩૭૯, આર.ટી.આઈ. એક્ટ-૨૦૦૫ની તાલીમમાં ૧,૯૨૮ અને ૧,૨૩૮, આર.સી.પી.એસ. એક્ટ-૨૦૧૩ની તાલીમમાં ૧,૨૪૪ અને ૭૮૦ તેમજ CCC તાલીમમાં ૮૭૯ અને ૧૮૯ જેટલા તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. રાજ્યના વધુમાં વધુ યુવાનો યુનિયન પબ્લિક સર્વિસ કમિશન-UPSC દ્વારા લેવાતી વહીવટી સેવા અને તેની સંલગ્ન પરીક્ષાની ઉચ્ચકક્ષાની તાલીમ આપવાના હેતુથી સ્પીપા, અમદાવાદ અને તેના નિયંત્રણ હેઠળના પ્રાદેશિક તાલીમ કેન્દ્રો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને મહેસાણા તેમજ ગુજરાત કોમર્સ કોલેજ ખાતે પસંદગી પામેલ ઉમેદવારો માટેના તાલીમવર્ગ ચલાવવામાં આવે છે.

### યુકેના યુવક સહિત ૯ સામે ફરિયાદ

## યુકે વિઝાના બહાને રૂપિયા ૨૪.૫૦ લાખની ઠગાઇ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

યુકે વિઝાના બહાને ૨૪.૫૦ લાખની ઠગાઈ કેસમાં યુકેના યુવક સહિત ૯ સામે ફરિયાદ નોંધાઈ છે. આ મામલે નરોડા પોલીસે તપાસ આરંભી છે. નોંધનીય છે કે, અગાઉ મોડાસામાં પણ આ જ રીતે ઠગાઈ આચર્યાનું બહાર આવ્યું હોવાની જાણ નરોડાના આધેડને થતા તેમણે પણ પોલીસ ફરિયાદ નોંધાવી છે. નરોડામાં ૪૯ વર્ષીય ચેતનભાઈ ઈન્દ્રવદન પરમાર પરિવાર સાથે રહે છે. ચેતનભાઈની મોટી દીકરી વનિતાને વિદેશ જવું હતું. વર્ષ ૨૦૨૩માં ચેતનભાઈએ તેમના ફ્લેટમાં રહેતા બ્રિજેશભાઈને મળ્યા હતા. બ્રિજેશભાઈ પહેલાંથી લોકોને વિદેશ મોકલવાનું કામ કરતા હતા. દીકરીને વિદેશ મોકલવા બ્રિજેશભાઈએ ૨૨ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ તેમના ઘરે બેઠક રાખી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, મારો ભાણો આદિત્ય અતુલભાઈ દવે હાલ યુ.કે.માં છે અને તે આ કામમાં એક્સપર્ટ છે અને તે કામ કરી આપશે, બદલામાં તમારે ૨૫ લાખ ખર્ચ થશે. આ સમયે બ્રિજેશની પત્ની સંજનાએ પણ હાજર રહી બધું કામ થઈ જશે તેમ જણાવ્યું હતું. આ ઉપરાંત, આદિત્યને ફોન કર્યો હતો ત્યારે તેણે જણાવ્યું હતું કે, યુ.કે. બેઝ કંપનીનો સ્પોન્સર લેટર આપશે અને પાંચ વર્ષના વિઝા કરી આપી તથા નોકરી પણ અપાવી દઈશ. તેથી ચેતનભાઈને તેમના પર વિશ્વાસ આવતા ટુકડે ટુકડે ૨૪.૫૦ લાખ બ્રિજેશ અને તેના પરિવારને ચૂકવી આપ્યા હતા. ત્યારબાદ આદિત્યએ સ્પોન્સર લેટર મોકલી આપ્યો હતો અને તે લેટર આશિષ ઠક્કરને આપવા જણાવ્યું હતું. જેથી તેમણે લેટર આશિષને આપ્યો હતો. જેની પ્રોસેસ આશિષે કરતા તે વિઝા રદ થયા હતા. જેથી સ્પોન્સર લેટર બોગસ હોવાનું ચેતનભાઈને જણાયું હતું. તેથી આ મામલે તેમણે બ્રિજેશને ફોન કરતા તેનો ફોન બંધ આવતો હતો. જેથી ઘરે જઈ પૃચ્છા કરતા તેની પત્નીએ હાલ તેઓ ઘરે નથી અને હવે વિઝાનું કામ હું સંભાળું છું, બંધુ ઠીક કરી દઈશ. ત્યારબાદ વારંવાર વિઝા માટે બ્રિજેશની પત્ની સંજનાની પૃચ્છા કરી હતી પરંતુ તેણે ગલ્લાંતલ્લાં કર્યા હતા. બીજી તરફ આદિત્યએ આ જ રીતે મોડાસામાં લોકો સાથે ઠગાઈ કરી હોવાની ફરિયાદ ત્યાં દાખલ થઈ હોવાનું ચેતનભાઈને જાણવા મળ્યું હતું.

**વિશેષ** ગુજરાતનું ગૌરવઃ સુરતનું ઇચ્છાપોર પોલીસ સ્ટેશન બન્યું દેશનું શ્રેષ્ઠ પોલીસ સ્ટેશન

# કાયદો અને વ્યવસ્થામાં અનોખી કામગીરી માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ઇચ્છાપોર પોલીસ સ્ટેશનને એવોર્ડ પ્રદાન કરાયો

। ગાંધીનગર ।

ગુજરાત માટે ગૌરવપૂર્ણ ક્ષણ સર્જાઈ છે, કારણ કે સુરતના ઈચ્છાપોર પોલીસ સ્ટેશનને કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં શ્રેષ્ઠ પોલીસ સ્ટેશન તરીકે માન્યતા આપવામાં આવી છે. આ સિદ્ધિ માત્ર સુરત કે ગુજરાત માટે જ નહીં, પરંતુ સમગ્ર દેશમાં ગુજરાત પોલીસની કાર્યક્ષમતા અને પ્રજાસેવા પ્રત્યેની પ્રતિબદ્ધતાને ઉજાગર કરતી એક ઐતિહાસિક ઘટના છે.

આ ગૌરવપ્રદ એવોર્ડ ભુવનેશ્વરમાં આયોજિત ડીજીપી સંમેલન દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહના હસ્તે ઈચ્છાપોર પોલીસ સ્ટેશનને પ્રદાન કરવામાં આવ્યો. આ શ્રેષ્ઠતા માટેના પ્રદાનમાં કાયદો અને વ્યવસ્થાના ક્ષેત્રમાં સ્ટેશનની અનોખી કામગીરી, નવા ઉપાયો, નાગરિક સહયોગ અને આધુનિક ટેકનોલોજીના ઉપયોગને મુખ્ય આધારભૂત ગણવામાં આવ્યા છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના મોર્ડનાઈઝેશન વિભાગ દ્વારા હાથ ધરાયેલા સર્વેમાં, ઈચ્છાપોર પોલીસ સ્ટેશન વિવિધ માપદંડો







પર શ્રેષ્ઠ ઠર્યું છે,ત્યારે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને સુરત શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે પણ પોલીસ ટીમને અભિનંદન પાઠવ્યા હતા. ઈચ્છાપોર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટશ્રી એ.સી. ગોહિલે ગૌરવની ક્ષણ પર ભાવુક થઈને જણાવ્યું કે, "આ એવોર્ડ માત્ર મારો કે મારી ટીમનો નથી, પરંતુ સમગ્ર ગુજરાત પોલીસના નિષ્ઠાવાન અને પ્રતિબદ્ધ કાર્યનું પ્રતિબિંબ છે. આ સિદ્ધિએ સાબિત કરી દીધું છે કે, કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સમાજ અને પોલીસ વચ્ચેનો સહયોગ કેટલો મહત્વપૂર્ણ છે. અમે જે ટેકનિકલ આધુનિકતા, નાગરિક સહકાર અને પ્રજાસેવાના ભાવ સાથે કામ કર્યું છે, તે જ આ પ્રદાન માટેનું મૂળ કારણ છે." પીઆઈશ્રી ગોહિલે વધુમાં જણાવ્યું કે, રાજ્ય સરકારશ્રીની 'ત્રણ વાત અમારી, ત્રણ વાત તમારી' પહેલે નાગરિકોમાં જાગૃતિ લાવવાનો જે અભિગમ અપનાવ્યો છે, તે સફળતાનું મુખ્ય સ્તંભ છે. "આ પહેલને અમલમાં મૂકતા, નાગરિકો અને પોલીસ વચ્ચેનું અંતર ઘટ્યું છે અને લોકસહકારથી અમે વધુ પ્રભાવશાળી રીતે કામ કરી શક્યા છીએ.

આ એવોર્ડ માત્ર ઈચ્છાપોર પોલીસ સ્ટેશન માટે જ ગૌરવ છે, એવું નહિ પરંતુ ગુજરાત પોલીસ તંત્ર માટે એક ઉત્સાહક પ્રેરણારૂપ છે. "આ સિદ્ધિ માત્ર સન્માન માટે નથી, પરંતુ ભવિષ્યમાં પણ નાગરિકોની સુરક્ષા માટે વધુ ઉત્સાહથી કામ કરવાની પ્રેરણા છે," આ સિદ્ધિએ પોલીસ અને નાગરિકોની સંયુક્ત શક્તિઓને ઉજાગર કરી છે, અને આમાં ગુજરાતના પોલીસ તંત્રના આધુનિક અભિગમનું એક શાનદાર પ્રતિબિંબ જોવા મળે છે. ગુજરાત માટે ગૌરવની વાત છે, એમ કહેતા પીઆઈશ્રીએ ઉમેર્યું કે, "૨૦૧૯ પછી આ પહેલીવાર છે કે ગુજરાતના કોઈ પોલીસ મથકે શ્રેષ્ઠ પોલીસ મથક તરીકે રાષ્ટ્રીય સન્માન પ્રાપ્ત કર્યું છે. આ માત્ર ઈચ્છાપોર પોલીસ સ્ટેશન માટે જ નહીં, પરંતુ સમગ્ર રાજ્ય માટે એક પ્રેરણાદાયક ક્ષણ છે, જે ગુજરાત પોલીસની કાર્યક્ષમતા અને જનસેવા પ્રત્યેની પ્રતિબદ્ધતાને ઉજાગર કરે છે." આ પ્રતિષ્ઠિત એવોર્ડ સાથે, ઈચ્છાપોર પોલીસ સ્ટેશન નાગરિક સુરક્ષા મજબૂત બનાવવા અને પ્રજાજનો સાથેના સંબંધોને વધુ સુદ્રઢ કરવા માટે પ્રતિબદ્ધ છે. ડિજિટલીકરણમાં વધારો, આધુનિક ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ અને જનજાગૃતિ કાર્યક્રમોની યોજનાઓ સ્ટેશનના ભવિષ્યના મુખ્ય લક્ષ્યોમાં સામેલ છે. તેમણે કહ્યું કે, "આ સિદ્ધિ સમગ્ર ગુજરાત પોલીસના શ્રેષ્ઠ કાર્ય અને નાગરિક સહયોગના પરિપાકનું પ્રતિબિંબ છે. આ એવોર્ડ નાગરિકોની સુરક્ષા માટે વધુ ઊંચા ધોરણો સ્થાપિત કરવા અને પોલીસ સેવા પ્રત્યેના વિશ્વાસને મજબૂત કરવા તરફ રાજ્યને પ્રોત્સાહન આપશે." અંતે, તેમણે ઉમેર્યું હતું કે, એવોર્ડ પ્રાપ્ત કર્યા પછી સુરતમાં આવીને, પ્રથમ એવોર્ડનું સેલિબ્રેશન વૃદ્ધાશ્રમમાં દિકરા અને દિકરી વિહોણા વૃદ્ધો સાથે કર્યું હતું,જેમણે હર્ષ સાથે આર્શિવાદ આપ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### નિશિકાંત દુબેએ કોંગ્રેસના સાંસદ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીને લોકસભામાંથી સસ્પેન્ડ કરવાની માંગ કરી

# રાહુલ ગાંધી વિરુદ્ધ વિશેષાધિકાર ભંગ-ગૃહના અપમાનની નોટિસ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ, કોંગ્રેસના સાંસદ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીને લોકસભામાંથી સસ્પેન્ડ કરવાની માંગ કરી છે. આ માટે તેમણે રાહુલ વિરુદ્ધ વિશેષાધિકાર ભંગ અને ગૃહના અપમાનની નોટિસ પાઠવી છે. નિશિકાંત દુબેએ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને રાહુલ ગાંધી વિરુદ્ધની નોટિસ મોકલી આપી છે. તેમણે લોકસભા અધ્યક્ષને આ મામલો વિશેષાધિકાર સમિતિને મોકલવા કહ્યું છે. નિશિકાંત દુબેએ એવી પણ અપીલ કરી છે કે, જ્યાં સુધી સમિતિ આ મામલે કોઈ યોગ્ય નિર્ણય ના લે ત્યાં સુધી રાહુલ ગાંધીને લોકસભામાંથી સસ્પેન્ડ કરવામાં આવે. બીજેપી સાંસદે અમિત શાહના નિવેદનને વિકૃત કરવા અને તેને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ કરવા માટે વિશેષાધિકાર ભંગની નોટિસ પાઠવી છે. નિશિકાંત દુબેએ રાહુલ ગાંધી પર આરોપ લગાવ્યો છે કે, વીડિયોમાં રાહુલ ગાંધી ઘાયલ થયેલા ભાજપના સાંસદ પ્રતાપ સારંગી સાથે જોવા મળ્યા હતા. ધક્કા મુક્કી બાદ દુબેએ રાહુલને કહ્યું હતું કે, તમને શરમ નથી આવતી. ગુંડાગીરી કરીને, વૃદ્ધને નીચે પછાડી દીધા. આના પર રાહુલે કહ્યું કે મેં ધક્કો માર્યો નથી, તેમણે મને ધક્કો માર્યો છે. ગઈકાલે એટલે કે ગુરુવારે સંસદમાં થયેલી ધક્કા મુક્કીમાં ભાજપના બે સાંસદો (પ્રતાપ સારંગી અને મુકેશ રાજપૂત) ઘાયલ થયા હતા. બંનેને દિલ્હીની રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બંને સાંસદોને માથામાં ઈજા થઈ હતી. સારંગીને પણ ટાંકા આવ્યા હતા. પીએમ મોદીએ બંને સાંસદોને ફોન કરીને તેમની તબિયતની પૃચ્છા કરી હતી. રાજ્યસભામાં અમિત શાહે બંધારણ ઉપરની ચર્ચામાં આંબેડકર અંગે ઉચ્ચારેલા શબ્દોને લઈને સમગ્ર દેશમાં રાજકીય ગરમાવો છે. છેલ્લા બે દિવસથી સંસદમાં આને લઈને સતત વિરોધ થઈ રહ્યો છે. આ અંગે ભાજપ અને કોંગ્રેસ બંને પોતપોતાની રીતે વિરોધ કરી રહ્યા છે. અમિત શાહે ૧૭ ડિસેમ્બરે સંસદમાં આંબેડકરના નામોલ્લેખ કરીને કોંગ્રેસ માટે ટિપ્પણી કરી હતી. ત્યારપછી કોંગ્રેસ સહિત અન્ય વિપક્ષી પાર્ટીઓ ભાજપ પર પ્રહારો કરી રહી છે.

### પગથિયાં તોડી નાખવામાં આવ્યા

# સંભલમાં સમાજવાદી પાર્ટીના સાંસદના ઘરે બુલડોઝર એક્શન

### સાંસદે ઘરની બહાર ગટર પર પગથિયાઓ બનાવ્યા હતા ગેરકાયદેસર અતિક્રમણ સામે સતત કાર્યવાહી થઈ રહી છે

। (એજન્સી) સંભલ, તા.૨૦ ।



છેલ્લા ૨૪ કલાકમાં સંભલના સમાજવાદી પાર્ટીના સાંસદ જિયાઉર રહેમાન વિરુદ્ધ આ પાંચમી કાર્યવાહી છે. દરોડા, એફઆઈઆર અને પાવર કટ બાદ હવે યોગી સરકારનું બુલડોઝર તેમના ઘરે પહોંચ્યું, પગથિયા તોડી નાખ્યા છે. એવું કહેવાય છે કે નકશા પાસ કર્યા વિના ઘર બનાવવા માટે એસડીએમ સાંસદને બે નોટિસ મોકલી ચૂક્યા છે. આ સાથે સાંસદે ઘરની બહાર ગટર પર પગથિયાઓ બનાવ્યા હતા. નગરપાલિકા આ વિસ્તારમાં ગેરકાયદેસર અતિક્રમણ સામે સતત કાર્યવાહી કરી રહી છે. સમાજવાદી પાર્ટીના સાંસદ ઝિયાઉર રહેમાન બર્કની મુશ્કેલીઓ ઓછી થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. બુલડોઝરની કાર્યવાહી પહેલા, પાવર થેફ્ટ વિરોધી પોલીસે ગુરુવારે એસપી સાંસદ ઝિયાઉર રહેમાન બર્ક વિરુદ્ધ વીજળી ચોરીનો કેસ નોંધ્યો હતો. આ ઉપરાંત વિદ્યુત વિભાગે તેમના પર ૧.૯૧ કરોડ રૂપિયાનો દંડ પણ લગાવ્યો છે. આ ઉપરાંત વિભાગના અધિકારીઓને ધમકાવવા બદલ નખાસા પોલીસ સ્ટેશનમાં તેમના પિતા મમલુકુર રહેમાન બર્ક અને તેના બે સહયોગીઓ સામે એફઆઈઆર પણ નોંધવામાં આવી હતી. વીજળી ચોરીની પુષ્ટિ થયા બાદ વિભાગે બપોરે સાંસદના ઘરનું વીજ જોડાણ પણ કાપી નાખ્યું હતું. જોકે, સાંસદના એડવોકેટે દરોડા સામે વાંધો ઉઠાવ્યો છે.

### એશિયા કપની ફાઇનલમાં પહોંચ્યું ભારત

# ભારતે જોરદાર પ્રદર્શન કરતા સુપર ફોર મેચમાં શ્રીલંકાને હરાવ્યું

### શ્રીલંકાએ ભારતને જીતવા માટે ૯૯ રનનો ટાર્ગેટ આપ્યો હતો : જવાબમાં ભારતે ૬ વિકેટ ગુમાવીને મેચ જીતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।



ભારતે મહિલા અંડર ૧૯ એશિયા કપ ૨૦૨૪માં જોરદાર પ્રદર્શન કર્યું છે. તેણે સુપર ફોરની મેચમાં શ્રીલંકાને હરાવ્યું હતું. આ જીત સાથે ટીમ ઈન્ડિયાએ ફાઈનલમાં સ્થાન મેળવ્યું છે. પ્રથમ બેટિંગ કરતા શ્રીલંકાએ ભારતને જીતવા માટે ૯૯ રનનો ટાર્ગેટ આપ્યો હતો. જવાબમાં ભારતે ૬ વિકેટ ગુમાવીને મેચ જીતી લીધી હતી. આયુષી શુક્લાએ ટીમ ઈન્ડિયા માટે ઘાતક બોલિંગ કરી હતી. તેણે ૪ વિકેટ ઝડપી હતી. આયુષી શુક્લાને પણ પ્લેયર ઓફ ધ મેચ પસંદ કરવામાં આવી હતી. પ્રથમ બેટિંગ કરતા શ્રીલંકાએ ૨૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવીને ૯૮ રન બનાવ્યા હતા. આ દરમિયાન નાનયાકારાએ ૩૩ રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી હતી. સુમુદૂએ ૩૧ બોલનો સામનો કર્યો અને ૨૧ રન બનાવ્યા હતા. ઓપનર સંજના ૯ રન બનાવીને પેવેલિયન પરત ફરી હતી. જ્યારે હિરુનીએ ૨ રન બનાવ્યા હતા. દરમિયાન આયુષી શુક્લાએ ભારત માટે ઘાતક બોલિંગ કરી હતી. તેણે ૪ વિકેટ ઝડપી હતી. ભારત માટે આયુષી શુક્લાએ ઘણી સારી બોલિંગ કરી હતી. તેણે ૪ ઓવરમાં માત્ર ૧૦ રન આપ્યા અને ૪ વિકેટ લીધી હતી. તેને પ્લેયર ઓફ ધ મેચ પણ પસંદ કરવામાં આવી હતી. પરુનિકાએ પણ ૨ વિકેટ લીધી હતી. તેણે ૪ ઓવરમાં ૨૭ રન આપ્યા હતા. શબનમ અને ધૃતિને ૧-૧ વિકેટ મળી હતી.



પશ્ચિમ બંગાળમાં સિલિગુડી ખાતે સશાસ્ત્ર સીમા બલ (SSB) ના ૬૧મા રાઇઝિંગ ડે ફંક્શનમાં મુખ્ય અતિથિ તરીકે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ હાજર રહ્યા હતા.

### સોના-ચાંદીના ભાવમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે

# સોનું ખરીદવાની ઉત્તમ તક, સતત ત્રીજા દિવસે સોનું સસ્તું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।



સોનામાં રોકાણ કરવું એ આપણા દેશના લોકોની પહેલી પસંદગી છે. ત્યારે સોના-ચાંદીના ભાવમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. ૨૦ ડિસેમ્બર એટલે કે આજરોજ પણ સોનાના ભાવમાં ઘટાડો જોવા મળતા ગ્રાહકો ખુશ છે. આજે સોનાના ભાવમાં ઘટાડો નોંધાતા સોનું ખરીદવાની ઉત્તમ તક ઉભી થઈ છે. ૨૪ કેરેટ સોનાનો ભાવ ૭૭,૧૦૦ રૂપિયાની આસપાસ ટ્રેડ થઈ રહ્યો છે. દેશમાં એક કિલો ચાંદીની કિંમત રૂ. ૯૧,૫૦૦ પર ટ્રેડ થઈ રહી છે. ગઈ કાલે ચાંદીનો ભાવ રૂ.૯૨,૫૦૦ હતો. ચાંદીના ભાવમાં ૧૦૦૦ રૂપિયાનો ઘટાડો થયો છે. આજે, શુક્રવાર, ૨૦ ડિસેમ્બર, ૨૦૨૪, સોનું સસ્તું થયું છે. સતત ત્રીજા દિવસે ગોલ્ડ સસ્તું થઈ ગયું છે. જો તમારા ઘરમાં લગ્ન છે તો આ એક રાહતના સમાચાર છે કારણ કે તમે બજેટમાં સોનાના દાગીના ખરીદી શકશો.

### આ બેગ પર રમખાણોની તસવીરો હતી

# બીજેપી સાંસદે પ્રિયંકા ગાંધીને ૧૯૮૪ કે દંગે લખેલી બેગ આપી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।



ભાજપના સાંસદ અપરાજિતા સારંગીએ સંસદ ભવન સંકુલમાં પ્રિયંકા ગાંધીને ૧૯૮૪કે દંગે લખેલી બેગ આપી હતી. આ બેગ પર રમખાણોની તસવીરો હતી. જ્યારે અપરાજિતે પ્રિયંકા ગાંધી તરફ બેગ લંબાવી તો તેમણે પોતાની પાસે રાખી દીધી. આ બેગ પહેલી નજરમાં ૧૯૮૪ના રમખાણોની યાદ અપાવે છે. ૧૯૮૪માં દેશની રાજધાની દિલ્હીમાં ભયાનક રમખાણોમાં સેંકડો લોકોના અવસાન થયા હતા. પ્રિયંકા ગાંધી અત્યારે પોતાની બેગને લઈને ચર્ચામાં છે. તે સતત નવી બેગ લઈને સંસદ ભવન પહોંચે છે. તેની બેગ પર કેટલાક નવા સ્લોગન પણ લખેલા છે. ક્યારેક અદાણી, ક્યારેક બાંગ્લાદેશ તો ક્યારેક પેલેસ્ટાઈન લખેલી બેગ હેડલાઈન્સ બનાવી રહી છે.

# વર્ષો સુધી અજાણ્યા લોકો દ્વારા પત્નીનો રેપ કરાવનારા હેવાનને મળી ૨૦ વર્ષની સજા

। (એજન્સી) ફ્રાન્સ, તા.૨૦ ।



ફ્રાન્સની કોર્ટે ૭૨ વર્ષના ડોમિનિક પેલિકોટને ૨૦ વર્ષની સજા ફટકારી છે. તે તેની તેની પૂર્વ પત્ની ગિસેલે પેલિકોટને નશીલો પદાર્થ આપવાનો અને અજાણ્યાઓ દ્વારા રેપ કરાવવાના ગુનામાં દોષિત ઠર્યો. આ જઘન્ય ખેલ ૧૦ વર્ષ સુધી ચાલ્યો. જેમાં ૫૦થી વધુ પુરુષો પણ સામેલ હતા. જે વિવિધ આરોપોમાં દોષિત ઠર્યા છે. ગિસેલે અને તેના ત્રણ બાળકોની હાજરીમાં આ ચુકાદો સંભળાવવામાં આવ્યો. કોર્ટમાં ડોમિનિકની પુત્રી કેરોલિન ડેરિયને ગુસ્સામાં તેના પિતાને 'કૂતરાની જેમ મરવા'ની વાત કરીને પોતાનો આક્રોષ પ્રગટ કર્યો. ડોમિનિટે પોતાના અંતિમ નિવેદનમાં કહ્યું કે હું મારી પુત્રીની આંખોમાં જોવા માંગુ છું અને તેને જણાવવા માંગુ છુ કે મે (તેની સાથે) કશું કર્યું નથી. ભલે તે મને અત્યારે પ્રેમ ન કરે, હું હંમેશા તેને પ્રેમ કરતો રહીશ. મને ખબર છે કે મે શું કર્યું અને શું નથી કર્યું. ગિસેલેએ કોર્ટની બહાર પોતાના ત્રણેય બાળકો અને પૌત્ર અને પૌત્રીઓના ભવિષ્ય તરફ ઈશારો કરતા કહ્યું કે આ લડાઈ મે મારા પરિવાર અને આ ત્રાસદીથી પ્રભાવિત લોકો માટે લડી. આ એક અઘરી પરીક્ષા હતી પરંતુ હવે આપણે આગળ વધવાનું છે. ડોમિનિક પેલિકોટની સાથે ૫૦ અન્ય આરોપીઓ ઉપર પણ કેસ ચાલ્યો. બધાને વિવિધ આરોપોમાં દોષિત ઠેરવવામાં આવ્યા અને જેલની સજા થઈ. ડોમિનિક પેલિકોટ સંલગ્ન કેસ ફ્રાન્સની ન્યાય પ્રણાલીમાં એક મહત્વપૂર્ણ ઉદાહરણ છે. જ્યાં પીડિતને ન્યાય અપાવવા માટે વર્ષો સુધી સંઘર્ષ ચાલ્યો. આ ઘટના ન્યાય, પરિવાર અને સામાજિક મૂલ્યો પર ઊંડો પ્રભાવ પાડે છે અને અપરાધીઓ માટે એક ચેતવણી સમાન છે. આ ઐતિહાસિક ચુકાદા બાદ ફ્રાન્સના લોકોએ રાહતના શ્વાસ લીધા. આ કેસ અંગે ઘણા દિવસ સુધી વિરોધ પ્રદર્શન પણ ચાલ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### હરિયાણાના પૂર્વ સીએમ ઓમપ્રકાશ ચૌટાલાનું નિધન



। (એજન્સી) હરિયાણા, તા.૨૦ ।

હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી ઓમ પ્રકાશ ચૌટાલાનું શુક્રવારે નિધન થયું. INLD સુપ્રીમો અને પૂર્વ મુખ્યમંત્રી ઓમપ્રકાશ ચૌટાલાએ ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં ૮૯ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા. અચાનક ખરાબ તબિયતને કારણે, ઓપી ચૌટાલા (ઓએમ પ્રકાશ ચૌટાલા ડેથ રિઝન)ને આજે સવારે ૧૧ વાગ્યે ઈમરજન્સીમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે, થોડા સમય બાદ તેમનું મૃત્યુ થયું હતું. ઉલ્લેખનીય છે કે તેઓ ઘણા સમયથી બીમાર હતા. ઓમપ્રકાશ ચૌટાલાના નિધન પર મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીએ પોતાની પ્રતિક્રિયા આપી છે. પોતાના અધિકારી પર પોસ્ટ શેર કરતી વખતે લખ્યું, ઈનેલો સુપ્રીમો અને હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી ચૌધરી ઓમપ્રકાશ ચૌટાલાજીનું નિધન અત્યંત દુઃખદ છે. તેમને મારી નમ્ર શ્રદ્ધાંજલિ. તેમણે જીવનભર રાજ્ય અને સમાજની સેવા કરી.

### ઓસ્ટ્રેલિયાનો યુવા બેટરને પદાર્પણની તક આપવા નિર્ણય



। (એજન્સી) મેલબોર્ન, તા.૨૦ ।

ઓસ્ટ્રેલિયાની ટીમ મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાનાર બોક્સિંગ ડે ટેસ્ટમાં ૧૯ વર્ષીય સેમ કોન્સટાસને પદાર્પણ કરવાની તક આપવા જઈ રહી છે. બોર્ડર-ગાવસ્કર ટ્રોફીના આ મહત્વના મુકાબલામાં ઓસ્ટ્રેલિયાને યુવા ઓપનિંગ બેટર પાસે ખૂબ આશા છે. ન્યૂ સાઉથ વેલ્સથી આવતા સેમને લઈને ક્રિકેટ પ્રેમી ઉત્સાહિત છે અને પસંદગીકારીઓ તેને ટીમમાં સ્થાન આપ્યું છે. સેમ કોન્સટાસની પસંદગીનો આધાર તેનું તાજેતરનું પ્રદર્શન છે. ૨૦૨૪ બિગ બેશ લીગમાં તેણે સિડની થંડર માટે ડેવિડ વોર્નર સાથે ઓપનિંગ કરી અને માત્ર ૨૬ બોલમાં ૫૭ રન ફટકાર્યા. આ ઈનિંગ સિડની થંડરના ઈતિહાસની સૌથી ઝડપી અડધી સદી બની ગઈ હતી. ભારત વિરુદ્ધ પ્રધાનમંત્રી ઈલેવન તરફથી રમતા સેમએ શાનદાર ૧૦૭ રન બનાવ્યા હતા. આ ઈનિંગમાં તેણે મોહમ્મદ સિરાજ અને જાડેજા જેવા અનુભવી બોલરોનો સામનો કર્યો હતો. તો ઈન્ડિયા એ વિરુદ્ધ અનઓફિશિયલ ટેસ્ટ મેચમાં તેણે અણનમ ૭૩ રન બનાવ્યા અને પોતાની ટીમને જીત અપાવી હતી. ઓસ્ટ્રેલિયાએ બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની અંતિમ બે ટેસ્ટ મેચ માટે પોતાની ૧૫ સભ્યોની ટીમ જાહેર કરી છે.

### કોર્ટે આજીવન કેદની સજા ફટકારી

# UKમાં ઘરની લાલચે ભારતીય મૂળના દીકરાએ માતાનું મર્ડર કર્યું



। (એજન્સી) લંડન, તા.૨૦ ।

ઈંગ્લેન્ડમાં ભારતીય મૂળના શખસે ઘરની લાલચે પોતાની સગી માતાની હત્યા કરી દીધી હતી. આ હત્યા કર્યા બાદ દીકરાએ માતાને જમીનમાં દફન કરવાનું પ્લાનિંગ પણ કર્યું હતું, પરંતુ એવું ન થઈ શક્યું અને પોલીસે ધરપકડ કરી લીધી હતી. લગભગ ૬ મહિના પહેલા આ કેસમાં હવે લિસેસ્ટર ક્રાઉન કોર્ટે ૧૬ દિવસની ટ્રાયલમાં હત્યારા દીકરાને આજીવન કેદની સજા ફટકારી છે. આરોપી દીકરાનું નામ સંદિપ સિંહ હતું જેને માતા ભજન કૌરની હત્યા કરી દીધી હતી. મર્ડર ઈન્વેસ્ટિગેશન ટીમના ડિટેક્ટિવ ચીફ ઈન્સ્પેક્ટર માર્ક સિંસ્કીએ કહ્યું કે આ એક ચોંકાવનારો ઘટનાક્રમ હતો. જેનાથી એ સાબિત થાય છે કે સિંહ તેની કરતૂતને છુપાવવા માટે કોઈપણ હદ સુધી જઈ શકતો હતો. માર્ક સિક્કીએ કહ્યું કે સંદિપ સિંહે પોતાની માતાની હત્યા કર્યા બાદ ગાર્ડનમાં માતાનાં મૃતદેહને દફન કરવા માટે પાવડો અને કંતાનની બોરી લેવા માટે માર્કેટમાં ગયો હતો. પરંતુ આની પહેલા તે હેરાન પરેશાન થઈ ગયો હતો. તેણે ઘરની સાફ સફાઈ પણ કરી દીધી હતી અને ત્યાં અંદરથી ધીમે ધીમે ખરાબ વાસ પણ બહાર આવવા લાગી હતી. આ કેસની તપાસ કરતા અધિકારીઓએ ખુલાસો કર્યો કે શરૂઆતમાં આ ઘટના અંગે અધિકારીઓએ સિંહને સંપર્ક સાધ્યો હતો. જોકે બાદમાં તેણે કહ્યું કે ના મારા ઘરમાંથી કોઈપણ પ્રકારની વાસ નથી આવી રહી. તેને આ ઘટનાક્રમને સંપૂર્ણપણે નકારી કાઢ્યો હતો. ત્યારપછી પોલીસ તપાસમાં સામે આવ્યું કે આરોપી દીકરા સંદિપ સિંહે ઘર પોતાને નામ થાય એના માટે ઘણા ઉપાયો કર્યા હતા. કારણ કે એનું એવું માનવું હતું કે પિતાએ આ ઘર એના નામે કર્યું છે, જે કારણે તેણે માતાની હત્યા કરી દીધી હતી. મૃતક કૌરના પરિવારજનોએ કહ્યું કે તેઓ ઘરના વડીલના ગુજરી જવાને લીધે ઘણા દુઃખી છે અને તૂટી ગયા છે. તેમણે કહ્યું કે આ ઘણુ દુર્ભાગ્યપૂર્ણ છે કે કેસ એક મુકદમા સાથે ક્લોઝ થયો અને પરિવારે કાર્યવાહી દરમિયાન બેસવું પડ્યું હતું. આની સાથે જ આખા કેસ દરમિયાન જે જે એક્ટિવિટી થઈ એને પણ જોવી પડી હતી. આ અમારા પરિવાર માટે જરાય સહેલુ નહોતું. પરિવારે કહ્યું કે અમે પહેલા પણ એક સભ્યને ખોઈ બેઠા છીએ. હવે તેમને એ હકિકત સાથે જીવવું પડશે કે એની માતાની હત્યા પણ પરિવારનાં જ એક સભ્યએ કરી હતી. આ એક દર્દનાક હાદસો છે અને અમે ક્યારેય આને સ્વીકારી નહીં શકીએ. ઉલ્લેખનીય છે કે ટ્રાયલ દરમિયાન કોર્ટે કહ્યું કે અગાઉ પણ માતાએ તેના દીકરાના વર્તનની ફરિયાદ કરી હતી. એટલું જ નહીં તેની ધરપકડ પણ કરવામાં આવી હતી. જેમાં તેના માતા પ્રત્યેના ખરાબ વલણનો ઉલ્લેખ કરાયો હતો.

## તંત્રી લેખ...

# સંભલમાં ૨૨ જગ્યાઓ પર ગુપ્ત રીતે થયો ASI સર્વે

ઉત્તર પ્રદેશના સંભલમાં મંદિર મળવાનો મુદ્દો ગરમાયો છે. ઉત્તરપ્રદેશના સંભલમાં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI)ની ટીમે શુક્રવાર (૨૦ ડિસેમ્બર, ૨૦૨૪)ના રોજ પ્રાચીન શિવ મંદિર અને કૂવાઓનું નિરીક્ષણ કર્યું. ત્યારે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI)એ અહીં મંદિરમાં કાર્બન ડેટિંગ કર્યું હતું. એએલઆઈ દ્વારા સંભલ સ્થિત પ્રાચીન કાર્તિકેય મંદિરની ગુપ્ત રીતે કાર્બન ડેટિંગ હાથ ધરી હતી. આ પ્રક્રિયા માટે ચાર સભ્યોની નિષ્ણાત ટીમ તહેનાત કરવામાં આવી હતી. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણે પાંચ તીર્થસ્થળો અને ૧૯ પ્રાચીન કૂવાઓનું પણ નિરીક્ષણ કર્યું હતું. સંભલના ડીએમના અનુસાર, મંદિરનો સર્વે થઈ ચૂક્યો છે. તેમણે જણાવ્યું કે, સમગ્ર મામલાને સુરક્ષાના કારણોથી ગુપ્ત રાખવામાં આવ્યો હતો. ASIની ટીમે ભદ્રકાશ્રમ, સ્વર્ગદીપ, ચક્રપાણિ, પ્રાચીન તીર્થ સ્મશાન મંદિર સહિત ૧૯ કૂવાઓનો સર્વે કર્યો. જો કે, ASIએ તંત્રને અપીલ કરી હતી કે ASI નિરીક્ષણને મીડિયા કવરેજથી દૂર રાખવામાં આવે. જણાવવામાં આવી રહ્યું છે કે, સવારે ૬ વાગ્યાથી નિરીક્ષણ થયું. કોર્ટના આદેશ બાદ શાહી જામા મસ્જિદમાં કરાયેલા સર્વેક્ષણને લઈને ૨૪ નવેમ્બરે હિંસા ભડકી હતી, જેમાં ચાર લોકોના મોત થયા હતા. જેના કારણે આજે (શુક્રવાર) કોઈપણ અપ્રિય ઘટનાથી બચવા માટે સવારથી જ મંદિર પર મોટી સંખ્યામાં પોલીસ દળ તૈનાત કરાયું હતું. અહેવાલો અનુસાર, એએલઆઈની ટીમે સંભલ વિસ્તારમાં હાજર ૧૯ પ્રાચીન કૂવાઓની સ્થિતિ અને ઐતિહાસિક સ્થળોનું પણ ઊંડાણ પૂર્વક અભ્યાસ કર્યો હતો. સંભલ પ્રાચીન ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ માટે જાણીતું છે. સંભલ જિલ્લા મેજિસ્ટ્રેટ રાજેન્દ્ર પેંસિયાએ જણાવ્યું હતું કે, મંદિરનું સર્વે સુરક્ષિત રીતે પૂર્ણ થઈ ગયું છે. સંભાલના પ્રાચીન કાર્તિકેય મંદિરની કાર્બન ડેટિંગ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા ગુપ્ત રીતે કરવામાં આવી હતી.

## કેન્સર વિરુદ્ધની લડાઈમાં આશાનું કિરણ

લગભગ બે વર્ષથી યુક્રેન સાથે યુદ્ધ કરી રહેલા રશિયાથી એ સમાચાર આવવા દરેકને વિસ્મિત કરી દે તેવા છે કે તેણે કેન્સર જેવા ગંભીર દર્દ વિરુદ્ધ એક રસી વિકસિત કરી લીધીછે. તેનું એલાન ખુદ રશિયાના સ્વાસ્થ્ય મંત્રાલયના રેડિયોલોજી મેડિકલ રિસર્જ સેન્ટરે કર્યું છે. રશિયાના સરકારી મીડિયાથી મળેલા આ સમાચારની આરપાર જઈએ તો સવાલ ઊઠી શકે કે આ રસી કેટલી અસરદાર હશે? તેની અસલી પરીક્ષા ત્યારે જ થશે, જ્યારે બાકી દુનિયાને તેના પરીક્ષણનો મોકો મળશે. પરંતુ હાલના દાવા અનુસાર ૨૦૨૫થી આ રસી તમામ રશિયન નાગરિકો માટે મફતમાં ઉપલબ્ધ થઈ જશે. એ જોતાં કે ભારત સહિત દુનિયા લાંબા અરસા સુધી લગભગ જેની કોઈ સારવાર નથી એવું મનાતી અને પછી ઘણી જટિલ ચિકિત્સાના સહારે કંઈક હદે તેનાથી મુક્તિ મળવા લાગી છે, અહીં પહેલો સવાર રસીની વિશ્વસનીયતાનો જ ઉઠી શકે છે. એક તરફ જ્યાં આપણા દેશમાં પૂર્વ ક્રિકેટર નવજોત સિંહ સિદ્ધુ હાલમાં જ પોતાની પત્નીની ભોજનશૈલી બદલીને પ્રભાવી આયુર્વેદિક સારવારનો દાવો કરી ચૂક્યા છે, લોકો પૂછી શકે છે કે શું રશિયન રસી એટલી ભરોસેમંદ હશે કે જો તે અહીં ઉપલબ્ધ થઈ તો આંખો મીંચીને લઈ શકાય?આ સંદર્ભે એક ઉદાહરણ આપવું જરૂરી છે. કોવિડ-૧૯ મહામારીના ઝડપી વૈશ્વિક પ્રસાર દરમ્યાન રશિયાએ 'સ્પુતનિક-વી' રસીનું નિર્માણ કર્યું હતું, તો ખુદ સૌથી પહેલાં રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને એ રસી લીધી હતી. બની શકે કે આ વખતે પણ પુતિન એવો જ કોઈ કરિશ્મા કરે અને ત્યારે દુનિયા એના પર વિશ્વાસ કરવા લાગે કે અસાધ્ય કહેવાતા કેન્સરની બીમારીનો આસાન તોડ આખરે મળી ગયો છે. જોકે અહીં ઉલ્લેખનીય છેકે એક શોધ સમાચાર વેબસાઈટ 'ધ સાયન્ટિસ્ટ' અનુસાર લગભગ દોઢ દાયકા પહેલાં ન્યૂયોર્ક સ્થિત બાયોટેક કંપનીએ એપ્રિલ, ૨૦૦૮માં ઘોષણા કરી દીધી હતી કે તેને રશિયામાં પહેલી ચિકિત્સકીય કેન્સર વેક્સીન બનાવવાની મંજૂરી મળી ગઈ છે. તેને કોઈ દેશના કેન્સર રોકથામ નિયામક દ્વારા આપવામાં આવેલ પહેલી મંજૂરી માનવામાં આવી હતી. જોકે, બાદના બે દાયકાના અંતરાલમાં એ ખબર ન પડી શકી કે કેન્સર રસીના વિકાસનું કામ કેટલે પહોંચ્યું? પરંતુ આ જ વર્ષે ફેબ્રુઆરી, ૨૦૨૪માં મોસ્કો ફોરમ ઓન ફ્યૂચર ટેક્નોલોજી પ્રોગ્રામ દરમ્યાન રશિયન રાષ્ટ્રપતિ પુતિને આશ્વાસન આપ્યું હતું કે તેના વૈજ્ઞાનિક જલ્દી દુનિયાને કેન્સરની રસી ઉપલબ્ધ કરાવી દેશે. જોકે હજુ એ સ્પષ્ટ નથી કે આ રસી રશિયાની બહાર ક્યારથી મળશે અને કેન્સરના કયા પ્રકારોની રોકથામ કરશે. જ્યાં સુધી આ રસીના નિર્માણની પ્રક્રિયાની વાત છે, તો તે એમઆરએનએ (આ એક અણુ છે જે ડીએનએથી વિશિષ્ટ નિર્દેશ પ્રાપ્ત કરે છે) પ્રકારની રસી છે. અસલમાં આ પ્રકારની પારંપરિક રસી બનાવવામાં બીમારીની રોકથામ માટે એ જ વાયરસ કે દર્દના રોગાણુંઓનો ઉપયોગ કરવામાં આવે છે, જેનાથી ખુદ તે બીમારી પેદા થાય છે. અંતર માત્ર એટલું છે કે એવું કરતી વખતે કેન્સર કોશિકાઓની સપાટી પરથી એ હાનિરહિત પ્રોટીનને ઉઠાવને અલગ કરવામાં આવે છે, જેમને એન્ટીજન રૂપે ઓળખવામાં આવે છે. આ એન્ટીજન રસીના નિર્માણની પ્રક્રિયામાં ચિકિત્સકીય પરીક્ષણ દરમ્યાન માનવ શરીરમાં પ્રવિષ્ટ કરાવવામાં આવે છે અને ત્યારે તેના સહારે બીમારી વિરુદ્ધ કારગત એન્ટીબોડી વિકસિત કરવા માટે શરીરની પ્રતિરક્ષા પ્રણાલીને ઉત્તેજિત કરવામાં આવે છે. એમઆરએનએ રસીમાં સંદેશવાહકની ભૂમિકામાં આવેલા આરએનએના એક નાના ટુકડાનો ઉપયોગ કરવામાં આવે છે, જેનાથી શરીરની કોશિકાઓને કેન્સર કોશિકાઓ સંબંધિત એક વિશિષ્ટ પ્રોટીનનું ઉત્પાદન કરવાના નિર્દેશ મળે છે. યાદ રહે કે કોવિડ મહામારી સામે લડવા માટે ઉપયોગમાં લેવામાં આવેલ વેક્સીન કોવિશિલ્ડ આ જ પ્રકારની રસી હતી. જોકે કેન્સરથી બચાવ અને તેને અટકાવવાની દિશામાં રસી બનાવવાની કોશિશ કરનારા દેશ રૂપે રશિયા એકલું જ નથી. બ્રિટન અને જર્મની સહિત કેટલાય અન્ય દેશોમાં બાયોટેક કંપનીઓ કેન્સર વિરુદ્ધ કારગત દવાઓ અને રસી વિકસિત કરવામાં તનતોડ મહેનત કરી રહી છે. જેમ બ્રિટિશ સરકાર જર્મનીની મશહૂર ફાર્મા કંપની બાયોનટેક સાથે મળીને કેન્સરના ઉપચાર માટે વેક્સીનનું ક્લિનિકલ ટ્રાયલ કરી રહી છે. આશા છે કે ૨૦૩૦ સુધી લગભગ ૧૦ હજાર કેન્સર દર્દીઓ લાભાન્વિત થઈ શકે છે. આ તરફ અમેરિકાની મોડર્ના અને મર્ક ફાર્મા કંપની ત્વચા કેન્સરની એક પ્રાયોગિક રસી પર કામ કરી રહી છે, જેના શરૂઆતી પરિણામો સકારાત્મક કહેવામાં આવે છે. અધ્યયન સાથે જોડાયેલા દાવા અનુસાર આ રસીએ ત્રણ વર્ષની સારવાર બાદ ત્વચા કેન્સરના એક ઘાતક રૂપ - મેલેનોમાને કારણે થનારા મોતોની આશંકાને ઘટાડીને અડધી કરી દીધી છે. આ રસી ઉપરાંત છ અન્ય કેન્સર રસીઓ પર પણ કામ ચાલી રહ્યું છે.

**જ્ઞાનીઓ પણ આપણાથી થોડી ઊંચાઈએ ગયા હોય! પણ એ આપણને નાનાં નથી સમજતાં, જો સમજે તો જ્ઞાનનું સ્ખલન થયું કહેવાય**

# ઈર્ષા નીંદા અને દ્વેષ જેવાં ઝેરીલાં ભાવથી દૂર રહેવું એ પણ રામ કાર્ય છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**રામ કાર્ય અંગે સમજ આપતા વિભિષણ અને હનુમાનજીના સંવાદની વાત કરે છે, હનુમાનજી વિભીષણને કહે છે કે, હેં સખા, તું લંકામાં કઈ રીતે રહી શકે છે? આ દુર્જનતા વચ્ચે તું એક જ સજન છે, કે જેના આંગણામાં આવીને મને શાંતિ મળી, વિભીષણ જવાબ આપે છે દાંતની વચ્ચે જેમ જીભ રહે તેમ હું લંકામાં રહું છું, લંકાની કઠોરતા વચ્ચે હું બિલકુલ કોમળ અવયવ રસના રૂપે રામ નામનો રસ લઉં છું.**

માનસ સહિતની ત્રીજા દિવસની કથામાં પ્રવેશ કરતાં બાપુએ ફરી કહ્યું કે જટાયુ વિશ્વની શહીદી માં પ્રથમ છે. માનસમાં ઘણા પક્ષીઓનો ઉલ્લેખ છે, પક્ષીઓનો રાજા ગરુડ, ચાતક, કોયલ, પોપટ, ચકોર, વૃદ્ધહંસ, કાગ ભૂશુંડી રુપે કાગડો, ચકલા ચકલી અને ઘુવડ આમ નાનકડું એવું પક્ષી જગત માનસનાં આકાશમાં ઉડી રહ્યું છે. શાસ્ત્રીય કે આધ્યાત્મિક અર્થ કરીએ તો જેની પાસે પાંખો પણ છે, અને આંખો પણ છે એવી ચેતના એટલે 'ખગ' અથવા પક્ષી. જ્ઞાનીઓ પણ આપણાથી થોડી ઊંચાઈએ ગયા હોય! પણ એ આપણને નાનાં નથી સમજતાં, જો સમજે તો જ્ઞાનનું સ્ખલન થયું કહેવાય. પક્ષી આકાશમાં જ ઉડે છે, પરંતુ એમને પાણીની પણ જરૂર પડે છે, ચણની પણ જરૂર પડે છે, અને માળો કરવા ચારાની પણ જરૂર પડે છે, અને એ માટે એમને પૃથ્વી પર આવવું પડે એમ જ્ઞાનમાં ઉડાન ભરતાં મહાપુરુષોને પણ ભાવજળ પીવા માટે, બ્રહ્મત્વને આત્મસાત કરવા માટે, નીચે આવવું પડે છે! અહંકારને લીધે જેઓ નીચે આવી શકતા નથી, એમને બુદ્ધ પુરુષ જાગૃત કરે છે. જટાયુ એવું જ પક્ષી છે જેની પાસે પાંખો છે, ચાંચ છે, અને આંખો પણ છે. રાવણને નિમિત બનાવીને ભગવાને એને પૃથ્વી પર બોલાવ્યા! રાવણ થી ઘાયલ થઈને જટાયુ ધરતી પર પડે છે, એમનો રામ સાથે પરિચય થાય છે, ત્યારે જ એને ખબર પડે છે કે, રામની કરુણા બહુ અદભુત છે. આજે મને સમાચાર મળ્યા કે ભારતની ઘણી બોર્ડર પર રાજસ્થાન, કચ્છ, કાશ્મીર, અને એક પત્ર તો છે, પાકિસ્તાન પાસેથી પણ આવ્યો છે, કે જ્યાં વિશેષ શાંતિ છે ત્યાં આર્મીના ભાઈઓ કથા સાંભળી રહ્યાં છે, મારા માટે એ આનંદની વાત છે. આપણે નવ દિવસ માટે વીર શહીદોના સ્મરણનો રૂડો સંકલ્પ લઈને બેઠા છીએ, અને અહેતું સંકલ્પ છે, એટલે એને પૂરો કરવો એ પરમાત્માની જવાબદારી છે! હું ઈચ્છું છું કે આખી દુનિયામાં યુદ્ધ બંધ થઈ જાય, અને બધાં કથા સાંભળતાં થઈ જાય. માનસ એક એવું આકાશ છે, એમાં અનેક પંક્તિઓ ઉડાન ભરે છે. માનસમાં બે પક્ષીઓની વાત કરીએ, એક જટાયુ અને બીજા કાગભુષંડી, બંનેનો તફાવત જોઈએ. જટાયુ પાસે ભગવાન ગયા અને કહે છે કે હું તમને અમર કરી દઉં, ત્યારે જટાયુ એ કહ્યું કે મારે જીવવું નથી. જ્યારે બીજા કાગભુષંડી, એ ભગવાનને કહે છે કે મારે મરવું નથી. એક સાધુએ જઈને બંને પક્ષીઓને પૂછ્યું કે, તમારા વિચારો કેમ અલગ?; તમે એક જ આકાશમાં ઉડનારા છો! ત્યારે કાગભુષંડી એ કહ્યું કે "એ હી તન રામ ભગતી મૈં પાઈ", આ શરીરથી મને રામભક્તિ



મળી છે એ શરીર મારે મારી નથી નાખવું, મારે જીવવું છે. સાધુએ જટાયુને પૂછ્યું કે રામ તમને જીવતાં રાખવાનું કે અમર કરી દેવાનું કહે છે, તો પણ મરી જવાની ઈચ્છા કેમ કરો છો? જટાયુ એ કહ્યું જે શરીર ભક્તિને બચાવી ન શક્યો, તે શરીરને રાખવાની જરૂર નથી. કારણ કે હું જોતો રહ્યો, અને જાનકીને એક અસુર લઈ ગયો. જે શરીર ભક્તિનું સંરક્ષણ ન કરી શકે, શક્તિની રક્ષા ન કરી શકે, શાંતિની રક્ષા ન કરી શકે, માનવીય ઉર્જાનું સંરક્ષણ પૂરું ન પાડી શકે, એવા શરીરને રાખવાનો શું અર્થ છે? માનસના પક્ષીઓની ઉડાન વિશે આપણે જ્યારે ચર્ચા કરી રહ્યા છીએ, ત્યારે હજી આધ્યાત્મિક ચિંતન કરીએ તો! જટાયુ રાવણની વીસે વીસ આંખ ચાંચથી ફોડી શક્યા હોત, પણ એણે આંખોમાં ચાંચ ન મારી, કારણકે રાવણ ઘાયલ જ છે, મરેલો જ છે ૨૦ આખો હોવા છતાં એ આંધળો જ છે, એને શું મારવો !' એ સમયે યુદ્ધમાં પણ ધર્મ હતો, અને આજે ધર્મમાં પણ યુદ્ધો આવી ગયાં. અહિંસા જેવો કોઈ ધર્મ નથી અને નિંદા જેવું કોઈ ભયંકર પાપ નથી! સત્યને પણ ધર્મ કહ્યો છે સત્ય એ દંડ નથી, પણ ધજા છે. ધજા ફરકતી હોવી જોઈએ, પણ આજે ક્યાંક ક્યાંક રજા ફફડે છે! જટાયુ માટે અંગદ બોલે છે, "રામ કાજ કારન તનુ ત્યાગી", તો આ રામકાર્ય એટલે શું? ૨૪ કલાક રામનામની માળા ફેરવવી એ રામ કાર્ય નથી? રામ નામ મહત્વનું છે, રામનામ વગરનું રામકાર્ય અહંકારનું રૂપ ધારણ કરે છે, એટલે જ સીતાની શોધમાં હનુમાન ગયાં, ત્યારે લંકાના એક એક એક મહેલમાં હનુમાન ફરે છે, કોઈ જગ્યાએ સીતાને જોયા નહીં. ત્યાં એમણે એક ઘર જોયું જેની દીવાલો પર રામ નામ અંકિત હતું ઠાકોરજીનું મંદિર હતું, તુલસી ક્યારા હતા, અને હનુમાનજી તેમાં પ્રવેશ કરે છે, ત્યારે વિભિષણ સાથે તેની મુલાકાત થઈ. નરસિંહ કહે છે એવાં બે વૈષ્ણવોનું મિલન થયું, વૈષ્ણવ શબ્દને સાંપ્રદાયિક અર્થમાં નહીં, પણ વૈશ્વિક રૂપમાં લેવો. જ્યાં કોઈ ભેદ નથી, સંકીર્ણતા નથી, એવાં મોટા ફલક પર વૈષ્ણવની વ્યાખ્યા મહેતાએ કરી છે. રામ કાર્ય અંગે સમજ આપતા વિભિષણ અને હનુમાનજીના સંવાદની વાત કરે છે. હનુમાનજી વિભીષણને કહે છે કે, હેં સખા, તું લંકામાં કઈ રીતે રહી શકે છે? આ દુર્જનતા વચ્ચે તું એક જ સજન છે, કે જેના આંગણામાં આવીને મને શાંતિ મળી. વિભીષણ જવાબ આપે છે દાંતની વચ્ચે જેમ જીભ રહે તેમ હું લંકામાં રહું છું, લંકાની કઠોરતા વચ્ચે હું બિલકુલ કોમળ અવયવ રસના રૂપે રામ નામનો રસ લઉં છું. આગળ વિભીષણ કહે છે કે, મારી પર ભગવાનની કૃપા થઈ છે, એટલે તમે મળ્યા! હનુમાનજી કહે છે કે તારી જેવા ઉપર ભગવાન કૃપા કરે જ નહીં, કારણ કે તે બધું જ કર્યું, પણ રામનું કામ કર્યું નથી. આ આપણે સમજવા જેવું છે રામ નામનો મહિમા ઓછો નથી, પણ નામ પૂર્ણ પ્રભાવક હોવા છતાં, રામકાર્ય થાય ત્યારે જ એ વિશેષ પ્રભાવતા બતાવે છે. હનુમાનજી કહે છે કે, રામના પત્ની મા જાનકીને, તારો મોટો ભાઈ અપહરણ કરીને લંકામાં લઈ આવ્યો, તે ક્યારેય રાવણને એમ કહ્યું કે જ્યેષ્ઠ બંધુ આ ખોટું થયું. વિભીષણ એ સંકલ્પ કર્યો કે, હવેથી હું રામનામ સાથે રામકાજ પણ કરીશ, હવે સભામાં જે પહેલી બેઠક મળશે, તેમાં હું સીધો સાત્વિક વિદ્રોહ નોંધાવીશ, કે આપનું આ પગલું ખોટું છે, જાનકીને પાછા મોકલી દો! પછી તો પ્રભુ કૃપા કરશે ને! હનુમાનજી કહે છે કે પછી તો પ્રભુ તારા ઉપર ક્યારેય કૃપા નહીં કરે! વિભેષણ કહે કે રામ કામ કરું તોય કૃપા નહીં થાય, ત્યારે હનુમાનજી બહુ અદભુત વચન બોલ્યા, વિભિષણ રામની સાથે હું નિરંતર રહું છું, રામના સ્વભાવની જે રીત છે, તે એ છે કે જે નામ અને કામ બંનેનો સુભગ સમન્વય કરશે, તેના ઉપર જ પરમાત્મા પ્રેમ કરે છે, પ્રીતિ કરે છે, અને પ્રેમનો દરવાજો બધાં કરતાં ઊંચો છે. હનુમાનજીનો અવતાર રામકાર્ય માટે જટાયુનો જન્મ રામ કાર્ય માટે. તો રામ કાર્ય એટલે શું? પહેલું રામકાર્ય પોતાના સામર્થ્ય કે ક્ષમતાની શોધ કરવી. વેદાંત એમ કહે છે કે સ્વરૂપનો જેને બોધ થઈ જાય, તેને ક્યારેય જગતમાં દુખ આવતું નથી. બીજું રામકાર્ય સેતુબંધ એટલે કે સમાજને જોડવાનું કામ કરવું. ત્રીજું રામકાર્ય નિર્વાણ બાદ નિર્માણ! એટલે કે હું પણું સમાપ્ત થાય પછી જ નવું નિર્માણ થાય છે. તો માનસના આધારે આ ત્રણ રામ કાર્ય છે, અને ત્રણ હું ઉમેરું છું. (૧) કોઈની ઈર્ષા ન કરીએ એ સૌથી મોટામાં મોટું રામકાર્ય.(૨) નિંદા ન કરીએ એ રામકાર્ય. (૩) કોઈ માટે આપણામાં દ્વેષ ન પ્રગટે એ રામકાર્ય. કથાના ક્રમમાં શિવકથા સુધી જઈ કહ્યું કે શિવ એ રામ ગર્ભ ગૃહનું દ્વાર છે.

**ત્રણ પ્રકારના શ્રોતા વક્તામાં વ્યાસજીને બીજો નંબર આપ્યો છે કારણ વ્યાસજી સમાજ સુધારે એ વૃત્તિથી કથા કરતા**


# પિતા અને પુત્રના સંબંધમાં સ્વાર્થ રહેલો છે, જ્યારે ગુરુ અને શિષ્યના સંબંધ નિઃસ્વાર્થ છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**સંત થયા વગર સંતને ઓળખી શકાતા નથી, જે સંત થાય તેનેસંત મળે, સંત થવા માટે વ્યવહારને અતિશુદ્ધ બનાવજો, મૂઠી ચણાની જરૂર છે ત્યાં સુધી વ્યવહાર છૂટતો નથી, પ્રત્યેક વ્યવહારને ભક્તિમય બનાવે એ ખરો વૈષ્ણવ, સંત થવા માટે મનને બદલવાની જરૂર છે, જે પોતાના સહૃદયનું પરિવર્તન કરે છે, તે સંત બને છે, મન શુદ્ધ બને તો સંત મળે છે.**

સંતએ પરમાત્માનું નામ છે. સર્વમાં ઈશ્વરનાં દર્શન કરે તે સદગુરુ. અધિકાર સિદ્ધ થયા પછી સદગુરુને શોધવાની જરૂર નથી. સદગુરુ જ અધિકારીને શોધતાં આવે છે.પરીક્ષિતનો અધિકાર સિદ્ધ થતાં જ શુકદેવજી મહારાજે તેના મસ્તક પર હાથ મૂકી તેને તેજોમય ભગવાનનાં દર્શન કરાવ્યાં હતાં. જગતમાં જેટલા સંતો થયા છે તેમનું ભૌતિક શરીર ભલે આજે નથી, પણ એમનું આધ્યાત્મિક શરીર કાયમ વિશ્વના વાયુમંડળમાં રહેલું છે, અને એ કાયમ લાયક શિષ્યોને શોધતા જ રહે છે. પરમાત્માકરતાં એ લાયક સદગુરુ શ્રેષ્ઠ છે એમ કહીએ તોયે ખોટું નથી. પરમાત્માએ સંસારની રચના જ એવી કરી છે કે બધા જીવો ભક્તિ કરી શક્તા નથી.માતાપિતા જે જન્મ આપે છે તે સધારણ જન્મ છે, પણ સદગુરુ જે આધ્યાત્મિક જન્મ આપે તે જ સાચો જન્મ છે. સદગુરુ મળ્યા પછી માનવીનું પવિત્ર જીવન શરૂ થાય છે.સદગુરુ સશિષ્યનું હંમેશાં સર્વ પ્રકારે રક્ષણ કરે છે. પિતા પુત્રના સંબંધમાં સ્વાર્થ રહેલો છે. જ્યારે ગુરુ શિષ્યના સંબંધ નિઃસ્વાર્થ છે.ગુરુને શિષ્યમાં જો કંઈ સ્વાર્થ હોય તો એ સાચો ગુરુ નથી. એક સદગુરુ પોતાના શિષ્યની સાથે જંગલમાં એક વૃક્ષ નીચે રહેલો છે. શિષ્ય ઊંઘી ગયા છે. ગુરુ ધ્યાનમાં બેઠા છે એવામાં એક સર્પ ત્યાં આવે છે,ને કહે છે કે, હું તમારા શિષ્યને કરડવા આવ્યો છું ત્યારે ગુરુ કહે છે કે, ભાઈ,શિષ્ય હજી સાધક છે. એને પરમાત્માનાં દર્શન થવાના બાકી છે એને એ સ્થિતિમાં એનું મૃત્યુ થશે તો એની દુર્ગતિ થશે, માટે તું શિષ્યને નહીં,મને કર. તારા ડંખથી મારું મૃત્યુ મંગલમય બની જશે. પુત્રને સર્પ ડંખવા આવ્યો ત્યારે કોઈ પિતા આમ કહી! શકશે? પિતા પુત્રના સંબંધમાં સ્વાર્થ રહેલો છે, જ્યારે ગુરુશિષ્યનો સંબંધ નિઃસ્વાર્થ હોય છે. પાંચ પ્રકારની શુદ્ધતા પરીક્ષિત માં છે : માતૃશુદ્ધિ, પિતૃ શુદ્ધિ, દ્રવ્ય શુદ્ધિ, અન્નશુદ્ધિ અને આત્મશુદ્ધિ. આવા સશિષ્યને ગુરુકૃપા અને ઈશ્વરદાન થાય છે. સદગુરુ તત્ત્વ અને ઈશ્વર તત્ત્વ એક છે. ઈશ્વર જે વ્યાપક છે, તેમ ગુરુ પણ વ્યાપક છે. જેનો અભાવ કોઈ ઠેકાણે નથી તે વ્યાપને શોધવાની જરૂર પડતી નથી, પણ વ્યાપકને ઓળખવાની જરૂર છે. સંત થયા વગર સંતને ઓળખી શકાતા નથી.જે સંત થાય તેનેસંત મળે. સંત થવા માટે વ્યવહારને અતિશુદ્ધ બનાવજો. મૂઠી ચણાની જરૂર છે ત્યાં સુધી વ્યવહાર છૂટતો નથી.



પ્રત્યેક વ્યવહારને ભક્તિમય બનાવે એ ખરો વૈષ્ણવ. સંત થવા માટે મનને બદલવાની જરૂર છે, જે પોતાના સહૃદયનું પરિવર્તન કરે છે, તે સંત બને છે. મન શુદ્ધ બને તો સંત મળે છે. સંતને જ સંત મળે છે. વિલાસીને સંત મળતો નથી. ગુરુદેવ બ્રહ્મા સમ છે.તેઓ નવો જન્મ આપે છે. એટલે કે તે મનને અને સ્વભાવને સુધારે છે. ગુરુદેવ વિષ્ણુ સમ છે કારણ કે ગુરુદેવ શિષ્યનું રક્ષણ કરે છે. ગુરુદેવ શિષ્યને મોક્ષ પણ આપે છે. તેથી શિવજીનું પણ સ્વરૂપ છે. ગુરુ વગર રહેશો નહીં.તમે લાયક થશો તો ભગવત્ કૃપાથી સદગુરુ મળી રહેશે.તુકારામજી મહારાજે પોતાનો અનુભવ વર્ણવ્યો છે. કથા વાર્તા સાંભળતા પ્રભુના નામ માં મારી પ્રીતિ થઈ.વિઠ્ઠલનો વિઠ્ઠલ હું સતત જપ કરવા લાગ્યો ભગવાનને મારા ઉપર દયા આવી. હું ગંગાજીમાં સ્નાન કરીનેઆવતો હતો. રસ્તામાં ગુરુદેવ મળ્યા અને કહે વિઠ્ઠલનાથની પ્રેરણાથી હું તને ઉપદેશ આપવા આવ્યો છું. ગુરુદેવે કૃપા કરી અને મંત્ર આપ્યો રામકૃષ્ણ હરિ. ગુરુ દક્ષિણામાંગુરુ દેવે પાશેર તુપ એટલે ઘી માગ્યું શું તુકારામના ગુરુને પાશેર ઘી નહીં મળતું હોય? પણ તુકારામની વાણી,ગૂઢાર્થ ભરેલી છે, તુપ એટલે તારું તું પણું અને હું પણું તું મને આપ. આજથી તું ભૂલી જા કે,તું પુરુષ છે. તું તારું પુરુષત્વ ભૂલી જા. મારા ગુરુદેવે હું પણું અને તું પણું માગી લીધાં. મને આજ્ઞા કરી કે તારું અભિમાન મને આપ. આજથી હું પણું રાખીશ નહીં. તું પુરુષ નથી.તું સ્ત્રી નથી. કોઈનો પુત્ર નથી. બધાના દેહના ભાવ તું મને અર્પણ કર. તું શુદ્ધ છે, તું બ્રહ્મ છે, તું ઈશ્વરનો આશ છે. આમ જીવનો ઈશ્વર સાથે સંબંધ ગુરુદેવે સિદ્ધ કરી આપ્યો. જેની પ્રત્યેક ક્રિયા જ્ઞાનમય હોય તે ઉત્તમ ગુરુ.ભક્તોની પ્રત્યેક ક્રિયા જ્ઞાન અને બોધરૂપ હોય છે. સંતોનું બધું અલૌકિક હોય છે. શુકદેવજી એકલા બ્રહ્મજ્ઞાની ન હતા પરંતુ તેમની દષ્ટિ પણ બ્રહ્મ દષ્ટિ હતી.શુકદેવજી પ્રત્યેકને સમભાવથી જુએ છે. જે દષ્ટિ બ્રહ્મમય છે,તેને પછી જગતનો ભાસ થતો નથી. શુકદેવજી ગુરુ નહીં પણ સદગુરુ છે. બ્રહ્મજ્ઞાનની શુષ્ક વાતો કરનાર સુલભ છે પણ શુકદેવજી જેવા બ્રહ્મદષ્ટિ રાખનારા સુલભ નથી. શુકદેવજી જેવા ગુરુ મળે તો સાત દિવસમાં તો શું પણ સાત મિનિટમાં મુક્તિ અપાવે. પણ શિષ્ય પરીક્ષિત જેવો અધિકારી હોવો જોઈએ. મંત્રદીક્ષા અધર્મ છે, સ્પર્શ દીક્ષા ઉત્તમ છે.બ્રહ્મભાવમાં તલ્લીન થઈ શુકદેવ પરીક્ષિતના માથા ઉપર વરદ્ હસ્ત પધરાવ્યો,ત્યાં તેમને બ્રહ્મનાં દર્શન થયાં. ત્રણ પ્રકારના શ્રોતા વક્તામાં વ્યાસજીને બીજો નંબર આપ્યો છે કારણ વ્યાસજી સમાજ સુધારે એ વૃત્તિથી કથા કરતા. શુકદેવજી બીજાને સુધારવાની ભાવનાથી કથા કરતા નથી. ફક્ત પોતાના અંતઃકરણના સુખ માટે કથા કરે છે. શુકદેવજીએ કથાનો આરંભ કર્યો પણ મંગલાચરણ કરતા નથી કારણ દેહભાન બિલકુલ ન હતું. ત્રણ અધ્યાય પછી શુકદેવજીએ મંગલાચરણ કર્યું છે. ભાગવતમાં ત્રણ મંગલાચરણ છે. પ્રથમ વ્યાસજીનું, બીજું શુકદેવજીનું, અંતમાં સૂતજીનું જુવાનીમાં મંગલાચરણ, મંગલા ચરણની બહુ જ જરૂર છે.એટલે શુકદેવજીનું મંગલાચરણ બાર શ્લોકનું અને બાકીનાં મંગલા ચરણ એક એક શ્લોકનાં છે. સંસારના કોઈપણ વિષયમાં મન જાય એ વૈરાગ્ય. સંસારના વિષયો દેખાય તેમ છતાં જેનું મન તેમાં જતું નથી તેનું વૈરાગ્ય સિદ્ધ થયું. વૈરાગ્ય વગર દઢતા આવતી નથી. વૈરાગ્યથી જ્ઞાન દીપે છે. વૈરાગ્ય ભક્તિ શોભે છે.જ્ઞાન,ભક્તિ વૈરાગ્ય પરિપૂર્ણ થાય તો મનુષ્ય બ્રહ્મમય થાય છે. શુકદેવજીમાં સોળ આની જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય હતાં.જ્ઞાનીનું હૃદય શ્રીકૃષ્ણ પ્રેમમાં ન પીગળે તો જ્ઞાન શા કામ નું? પરીક્ષિત રાજા શુકદેવજીને પૂછે છે, જેનું મરણ પાસે આવ્યું હોય તેનું કર્તવ્ય શું?તે શું કરે,શું ન કરે? મનુષ્ય માત્રનું કર્તવ્ય શું? શુકદેવજી બોલ્યાઃરાજન,તે પ્રશ્ન સુંદર કર્યો છે.શ્રવણ કરો! તું મૃત્યુની બીક ધરીને તેની તૈયારીમાં પડયો તે સારું કર્યું. મૃત્યુની બીક રાખો એનું સ્મરણ રાખો. વિચાર કરો કે મૃત્યુને ભેટવાની તૈયારી કરી છે કે નહીં? આ પ્રમાણે ચિંતન કરવાથી વૈરાગ્ય આવે છે.

# પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરે સામાખ્યાલી-રાધનપુર-ભીલડી સેક્શનનું સંરક્ષા નિરીક્ષણ કર્યું

। અમદાવાદ, તા.૨૦ ।

પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર શ્રી અશોક કુમાર મિશ્રએ ૧૯ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ અમદાવાદ મંડળ ના સામાખ્યાલી-રાધનપુર-ભીલડી સેક્શનનું સંરક્ષા નિરીક્ષણ કર્યું હતું. નિરીક્ષણ દરમિયાન, શ્રી મિશ્રએ આ સેક્સન માં સુરક્ષા અને સંરક્ષા, ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ કામોની સ્થિતિ, સ્ટેશન પર મુસાફરોની સુવિધાઓ અને અન્ય વિકાસ કાર્યોની સમીક્ષા કરી હતી.આ નિરીક્ષણમાં, તેમની સાથે પ્રમુખ વિભાગાધ્યક્ષ, મંડળ રેલ પ્રબંધક અમદાવાદ શ્રી સુધીર કુમાર શર્મા, મંડળના શાખા અધિકારી અને અમદાવાદ મંડળ ના અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.



નિરીક્ષણ દરમિયાન શ્રી મિશ્રએ સામાખ્યાલી-ભીલડી સેક્સનમાં રેલવે ટ્રેક, લેવલ ક્રોસીંગ, મહત્વના અને નાના પુલો, પોઈન્ટસ, સેક્શનમાં કર્વ્સ, ક્રોસીંગ વગેરેનું સુરક્ષાના ધોરણો મુજબ સેક્સનનું ઝીણવટભર્યુ નિરીક્ષણ કર્યું હતું.

જનરલ મેનેજર શ્રી મિશ્રએ સામાખ્યાલી સ્ટેશન પર ચાલી રહેલા રિડેવલપમેન્ટ ના કામોની સમીક્ષા કરી હતી આ ઉપરાંત તેમણે લાકડીયા રેલવે સ્ટેશન, રેલવે કોલોની લાકડીયા સામાખ્યાલી - રાધનપુર ની વચ્ચે એલસી નં. ૧૯૬, કર્વ નં. ૩૩, આરયુબી નં. ૨૧૮ છ, નોન ઈન્ટરલોકિંગ એલસી નં. ૧૬૨, ગરમડી સ્ટેશન, મેજર બ્રિજ નં. ૧૧૬ અને ગેંગ ટીએમએમજી II નું નિરીક્ષણ કર્યું. દેવગામ-જસાલી ની વચ્ચે ૧૨૦ કિમી પ્રતિ કલાકની સ્પીડ ટેસ્ટ પણ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી હતી.

જનરલ મેનેજર શ્રી મિશ્રએ ભીલડી સ્ટેશન પર ચાલી રહેલા સ્ટેશન રિડેવલપમેન્ટ કામ, પેસેન્જર સુવિધાઓ, રનિંગ રૂમ, ક્રૂ લોબી, રેલવે કોલોની, હેલ્થ યુનિટ, એઆરએમઈ, આરપીએફ પોસ્ટ અને રેલવે કોલોનીનું નિરીક્ષણ કર્યું હતું.

આ દરમિયાન જનરલ મેનેજરે સામાખ્યાલી અને ભીલડી સ્ટેશન પર જનપ્રતિનિધિઓ, યુનિયન અને એસોસિએશનના પ્રતિનિધિઓ સાથે પણ વાર્તાલાપ કર્યો હતો અને તેમના સૂચનો સાંભળ્યા હતા અને નિવેદન સ્વીકાર્યું હતું અને ઉત્તમ કામગીરી કરનાર રેલવે કર્મચારીઓને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કર્યા હતા.

### ૫૭ આંગણવાડી કેન્દ્રો 'નંદઘર' તથા ત્રણ ઘટકોનું ઈ-લોકાર્પણ તેમજ ઈ-ભૂમિપૂજન

# ભાનુબહેન બાબરીયાના હસ્તે "પોષણ ઉત્સવ-૨૦૨૪"નો ગાંધીનગર ખાતેથી રાજ્યવ્યાપી શુભારંભ



। (માહિતી) ગાંધીનગર, તા.૨૦ ।

"પોષણ ઉત્સવ-૨૦૨૪"નો ગાંધીનગર ખાતેથી રાજ્યવ્યાપી શુભારંભ કરાવતા મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રી ભાનુબહેન બાબરીયાએ જણાવ્યું હતું કે, દેશને વિકસીત ભારતના નિર્માણમાં સશક્ત મહિલા અને સ્વસ્થ બાળકની મહત્વની ભૂમિકા રહેલી છે. દરેક ઉંમર અને વ્યક્તિના વિકાસમાં શિયાળાની ઋતુની મહત્વતાને ધ્યાનમાં રાખી, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના "સહી પોષણ, દેશ રોશન" ના સુત્રને સાર્થક કરવા રાજ્યના પ્રજાવત્સલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં "પોષણ ઉત્સવ-૨૦૨૪" નો શુભારંભ કરવામાં આવ્યો છે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, સ્વસ્થ, સશક્ત અને સામર્થ્યવાન બાળક દેશના ઉજ્જવળ ભવિષ્યની નિશાની છે, દેશનું દરેક બાળક સ્વસ્થ અને સશક્ત બને તે માટે રાજ્ય સરકાર હરહંમેશ પ્રયત્નશીલ છે. આજનું બાળક દેશનું ભવિષ્ય છે, તેમને પોષણયુક્ત સ્વસ્થ્ય આહાર આપવો ખુબ જ જરૂરી છે. ગુજરાત પોષણ વિકાસના દરેક માપદંડોમાં સિદ્ધિ હાંસલ કરવામાં હંમેશા અગ્રેસર રહ્યું છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સશક્ત રાષ્ટ્ર કે રાજ્યના નિર્માણમાં મહિલાઓ અને બાળકોની ભૂમિકાની મહત્તાને ધ્યાનમાં રાખી અમારી સરકારે અવિરતપણે બાળકો, કિશોરીઓ અને મહિલાઓની દરકાર કરી છે. તેમના પોષણ અને વિકાસ માટે અનેક પોષણ તથા મહિલાલક્ષી યોજનાઓના સુયોગ્ય અમલીક-રણથી "સહી પોષણ, દેશ રોશન"ના અભિગમને સાર્થક કર્યો છે. "પોષણ ઉત્સવ-૨૦૨૪" વિશે માહિતગાર કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ ઉત્સવ ચાર ભાગમાં યોજવામાં આવશે. જેમાં રાજ્ય કક્ષાએ, દરેક ઝોન કક્ષાએ, તમામ જિલ્લા-મહાનગરપાલિકા, ઘટક તેમજ સેજા કક્ષાએ યોજાશે. આંગણવાડીના માધ્યમથી લોકોમાં અને ખાસ કરીને મહિલાઓને મિલેટ એટલે કે, શ્રી અન્ન તેમજ સરગવા જેવા ઘરઆંગણે સરળતાથી મળતા પૌષ્ટીક ખાદ્યો અને તેના પોષણના મહત્વ અંગે જાગૃત કરી તેના વધુ ઉપયોગ અંગે પ્રોત્સાહિત કરવામાં આવશે. આજની કિશોરીઓ ભવિષ્યની માતા છે, તેમ કહેતા ગાંધીનગરના મેયરશ્રી મીરાબેન પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત @2047ના સ્વપ્નને સાકાર કરવા ગુજરાત પોષણ ક્ષેત્રે મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર બાળકો, કિશોરીઓ તથા મહિલાઓને પોષણક્ષમ બનાવવાની દિશામાં પરિણામલક્ષી કામગીરી કરી રહી છે. તેમની ઉત્તમ કામગીરીથી બાળકો અને મહિલાઓના પોષણસ્તરમાં સુધારો થયો છે તેમ, તેમણે ઉમેર્યું હતું. પ્રાસંગિક ઉદ્‌બોધન આપતા મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ શ્રી રાકેશ શંકરે જણાવ્યું હતું કે, છેવાડાના બાળકો, મહિલાઓ સુધી પોષણક્ષમ આહાર સમયસર પહોડવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ સાથે જ સચિવશ્રીએ પોષણ ઉત્સવ -૨૦૨૪ની યોજાનાર કામગીરી અંગે તમામ જિલ્લાના અધિકારીઓ કર્મચારીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત મોરિંગો (સરગવો), શ્રી અન્નની વાનગીઓ વિશે તેમણે વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે મહિલા અને બાળ કલ્યાણ વિભાગના કમિશનર શ્રી રણજીત કુમાર સિંહ દ્વારા સ્વાગત પ્રવચન અને ગાંધીનગર કોર્પોરેશનના ICDS યોજનાના પ્રોગ્રામ ઓફીસર શ્રી આરતીબેન ઠાકરે આભાર વિધિ કરી હતી.

## શ્રી દરબારસાહેબ દેસાઈની ૧૩૭મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાત વિધાનસભા પોડિયમ ખાતે વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા



। (માહિતી) ગાંધીનગર, તા.૨૦ ।

ભારતના સ્વતંત્રતા યજ્ઞમાં સામે ચાલીને પોતાનું રાજ્ય સોંપી દેનાર એવા સાચેસાચા પ્રજાના દરબાર શ્રી દરબારસાહેબ ગોપાળદાસ દેસાઈની ૧૩૭મી જન્મજયંતિ નિમિત્તે આજે ગુજરાત વિધાનસભા પોડિયમમાં આવેલા તેમના તૈલચિત્રને વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ખેડા જિલ્લામાં દેસાઈ પરિવારની જાગીરી હતી. શ્રી દરબારસાહેબે ગામડાના ખેડૂતો અને ગરીબ માણસો માટે ખૂબ સારા કાર્યો કર્યા હતા. તેમણે રાજા તરીકે મળતી સુવિધાઓ અને વૈભવની જગ્યાએ સાદગીને જીવનમાં ઉતારી હતી. શ્રી દરબારસાહેબે ખેડૂતોને શાહુકારો દ્વારા લેવામાં આવતા વ્યાજમાંથી મુક્ત કરવા માટે પણ ખૂબ પ્રયત્નો કર્યા હતા. વધુમાં અધ્યક્ષશ્રીએ ઉમેર્યું હતું કે, શ્રી દરબારસાહેબે આણંદ, બોરસદ, વડોદરા વગેરે જેવા અનેક સ્વાતંત્ર્ય સંગ્રામમાં આગેવાની લીધી હતી. આ ઉપરાંત તેઓ સુરતના હરિપુરા ગામે ભરાયેલા રાષ્ટ્રીય અધિવેશનમાં સક્રિય રહ્યા હતા. શ્રી દરબારસાહેબે પોતાના રજવાડાનું વિલીની કરણ થાય તે પહેલા સામે ચાલીને પોતાનું રાજ્ય સોંપી દીધું હતું. આમ, અધ્યક્ષશ્રીએ ઉમદા વ્યક્તિત્વ અને સાચા અર્થમાં દરબારસાહેબને અંતઃકરણ પૂર્વક યાદ કરીને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

આ પ્રસંગે વિધાનસભાના ઈન્ચાર્જ સચિવ શ્રી ચેતન પંડ્યા સહિત અધિકારી-કર્મચારીશ્રીઓએ ઉપસ્થિત રહીને શ્રી દરબારસાહેબને પુષ્પ અર્પણ કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી દરબારસાહેબ ગોપાળ દાસ દેસાઈનો જન્મ તા.૧૯મી ડિસેમ્બર, ૧૮૮૭ના રોજ અમરેલી જિલ્લાના ઢસા મુકામે થયો હતો તથા તેમનું અવસાન તા.૫મી ડિસેમ્બર, ૧૯૫૧ના રોજ થયું હતું. શ્રી દરબારસાહેબે સૌરાષ્ટ્રમાં આવેલા ઢસા-રાયસાં-કળિયાનું તેમનું નાનું રાજ્ય ભારતના સ્વતંત્રતા યજ્ઞમાં સામે ચાલીને સોંપી દીધું હતું.

## ઝાલોદ તાલુકાના કમ્બોઈ ધામ ખાતે ગુરુ ગોવિંદજીની ૧૬૬મી જન્મજયંતિનો વાર્ષિક મહોત્સવ ઉજવવામાં આવ્યો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ ।

પ્રતિવર્ષ કંબોઈ ધામ ખાતે ગુરુ ગોવિંદજીની જન્મ જયંતિ ધામ ધૂમ પૂર્વક ઉજવવામાં આવે છે આ વર્ષે પણ તારીખ ૨૦-૧૨-૨૦૨૪ શુક્રવારના રોજ ગુરુ ગોવિંદજીની ૧૬૬ મી જન્મ જયંતિ ધામધૂમથી ઉજવવામા આવી હતી. ગુરુ ગોવિંદજીના ભક્તો મોટા પ્રમાણમાં વહેલી સવારથી જ કંબોઈ ધામ ખાતે મોટા પ્રમાણમાં ઉમટી પડેલ હતા. ગુરુ ગોવિંદજી કંબોઈ ધામ ખાતે પ્રાતઃ આરતી, દળ પ્રસ્થાન કંબોઈધામ થી પગલા સુધી, ધ્વજા રોહણ, સત્સંગ, મહાપ્રસાદી મહાઆરતી, પૂર્ણાહુતિ જેવા પ્રોગ્રામ રાખવામાં આવેલ હતા. ગુરુ ગોવિંદજીના સત્સંગ ભજન થી કંબોઈ ધામ ખાતે ચુસ્ત પ્રણાલી સાથે કરવામાં આવ્યા હતા. દિવસભર ભક્તિ સભર કાર્યક્રમો વચ્ચે ભક્તો ગુરુ ગોવિંદજી ની ભક્તિમાં લીન જોવા મળતા હતા. ગુરૂ ગોવિંદજી ને અહીંયા વસવાટ કરતા લોકો ભગવાનની જેમ પૂજા કરતા હોય છે. ગોવિંદ ગુરુની મૂર્તિ ભગવાન જેવી છે. લોકો તેમની પૂજા કરે છે. આ વિસ્તારના ભીલ આદિવાસી સમાજના લોકોમાં ગોવિંદ ગુરુનો દરજ્જો ઘણો ઊંચો છે. તેઓ આ વિસ્તારના મહાન સામાજિક અને ધાર્મિક સુધારક જ નહીં, પરંતુ તેમણે આદિવાસીઓને એક કરવામાં મોટી ભૂમિકા ભજવી હતી. તેમણે રાજસ્થાન અને ગુજરાતના આદિવાસીઓ સાથે એક મોટું આંદોલન ઊભું કર્યું હતું.ગોવિંદ ગુરુએ આદિવાસી સમાજના શોષણ સામે બ્રિટિશ સરકાર સાથે સંઘર્ષનું રણશિંગુ ફૂંક્યું તો તેમના સમાજના દુષણો સામે પણ લડત આપી હતી. તેઓ સમાજ સુધારક પણ હતા. તેઓ આધ્યાત્મિક ગુરુ પણ હતા. તેઓ સંત પણ હતા.

# ઝાલોદ તાલુકાના મીરાખેડી ઉત્તર બુનિયાદી આશ્રમ શાળા ખાતે શંકરાચાર્ય સદાનંદ સરસ્વતી મહારાજ સનાતન ધર્મ સંવર્ધન યાત્રા અંતર્ગત પધાર્યા

### સનાતન ધર્મ કી જય , ગૌ માતા કી જયના નાદ થી વાતાવરણ ગુંજી ઉઠયું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ ।

ઝાલોદ તાલુકાના મીરાખેડી મુકામે શ્રી ભીલ સેવા મંડળ દાહોદ સંચાલિત શ્રી ઉત્તર બુનિયાદી આશ્રમ શાળા ખાતે શુક્રવારના રોજ સવારે ૧૦ વાગે અનંત શ્રી વિભૂષિત પશ્ચિમમ્નાય દ્વારકા શારદાપીઠાધીશ્ર્વર જગતગુરુ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજના સાનિધ્યમાં સનાતન ધર્મ સંવર્ધન યાત્રા અંતર્ગત પધાર્યા હતા.



ભીલ સેવા મંડળ ઉત્તર બુનિયાદી શાળામાં પધારેલ મહારાજ શ્રી ની પાદુકા પૂજન અને આરતી કરી દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ હતું. ત્યારબાદ આશ્રમની બાળાઓ દ્વારા સરસ્વતી પૂજન અને સ્વાગત ગીત રજૂ કરવામાં આવેલ હતું. ભીલ સેવા મંડળ દાહોદ જિલ્લાના પ્રમુખ દ્વારા શાબ્દિક પ્રવચન થી પધારેલ સંતનુ સ્વાગત કર્યું હતું તેમજ ભીલ સેવા મંડળના શતાબ્દી વર્ષની ઉજવણી વિશે સંક્ષિપ્તમા માહિતી આપી હતી.

ભીલ સેવા મંડળ દ્વારા બાળકોમાં જે ધર્મ પ્રત્યે જાગૃતિ તેમજ સમજ આપવામાં આવે છે તે થી પ્રસન્ન થઈ શંકરાચાર્યજી એ કહ્યું હતુ કે ખૂબ સુંદર કામગીરી આ ક્ષેત્રમાં ભીલ સેવા મંડળ દ્વારા કરવામાં આવી રહેલ છે. વધુમાં ધર્મ વિશે જણાવતાં કહ્યું કે જે કુળમા જન્મ લીધો જે માતા પિતાએ આપણને આ પૃથ્વી પર અવતાર આપ્યો તે આપણે નથી છોડી શકતા તો ધર્મ પરિવર્તન કેમ કરીએ છીએ. ધર્મનું પાલન કર્યા વગર કોઈ પણ મનુષ્ય રહી શકતો નથી. આ પૃથ્વી પર માનવીને જે અનમોલ જન્મ મળેલ છે તે જન્મમા સનાતન હિન્દુ ધર્મનું તેને આજીવન કરવું જોઈએ અને જે મનુષ્ય સનાતન ધર્મનું પાલન નથી કરતો તે મનુષ્યનું જીવન પશુ બરાબર છે. હિન્દુઓનું મૂળ ધર્મ સનાતન ધર્મ જ છે અને તે વ્યક્તિ પ્રખર હિન્દુવાદી હોવો જોઈએ જેથી તે વ્યક્તિ ધર્મ જાગૃતિ માટે સતત પ્રયત્નશીલ રહે તેમજ ધર્મ વિશે અડગ આસ્થા અને નિષ્ઠા હોવી જોઈએ. મનુષ્ય જીવનમાં પ્રભુની ગતિ અને મોક્ષ મેળવવા માટેનો સુંદર માર્ગ છે જેથી કોઈ પણ સંજોગોમાં ધર્મ પરિવર્તન કરવો જોઈએ નહીં. આજનો મનુષ્ય લોભના લીધે,ગરીબાઈના લીધે તેમજ અજ્ઞાનતાને લઈને ધર્મ પરિવર્તન કરે છે. ધર્મ પરિવર્તન કરાવનાર લોકોથી સાવધાન થઈ આપણે આપણા સનાતન ધર્મને વધુ મજબૂત બનાવવું જોઈએ તેવા વિચારો સાથે શંકરાચાર્યજીની ધર્મ યાત્રા યોજાઈ હતી.

# મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાંથી મળી આવેલા સાડા છ કરોડ વર્ષ પહેલાના ડાયનાસોરના ઈંડા અને પગ મુલાકાતીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યા



। (માહિતી) સુરત, તા.૨૦ ।

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત'ના વિઝનને અનુસરી સરકારના વિવિધ વિભાગોએ મેળવેલી સિદ્ધિ વિષે સુરતવાસીઓ જાણકારી મેળવી શકે એ માટે વીર નર્મદ યુનિવર્સિટી ખાતે તા.૧૯ થી ૨૧ દરમિયાન આયોજિત 'ગુજરાત ગ્લોબલ એક્સ્પો' મેગા એક્ઝિબિશનને કુલપતિ કે.એન.ચાવડાની ઉપસ્થિતિમાં ધારાસભ્ય મનુભાઈ પટેલના હસ્તે ખૂલ્લું મૂકવામાં આવ્યું હતું. પરિચિત ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ પ્રદર્શનમાં પ્રથમ દિવસે મોટી સંખ્યામાં શાળાકોલેજોના વિદ્યાર્થીઓએ સ્ટોલ્સને રસપૂર્વક નિહાળી વિવિધ જાણકારી મેળવી હતી. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના વિકાસકામો, વિવિધ અભિયાનો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે મેળવેલી સિદ્ધિઓને પ્રદર્શિત કરાઈ છે. જીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાના સ્ટોલમાં પ્રદર્શિત કરાયેલા મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના રૈયોલી ગામે વર્ષ ૧૯૮૩માં મળી આવેલા મળેલા ડાયનાસોરના ઈંડા અને પગના અતિ પ્રાચીન અવશેષો મુલાકાતીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. ડાયનાસોરના ઈંડા સાડા છ કરોડ વર્ષ જૂના છે. રૈયોલીનો સ્થાનિક વિસ્તાર ડાયનાસોર ફોસિલ પાર્ક તરીકે ઓળખાય છે. રૈયોલી ગામના બાવન હેકટર વિસ્તારમાં મહાકાય ડાયનાસોરની વિવિધ પ્રજાતિઓની સજીવ સૃષ્ટિ અસ્તિત્વમાં હતી. તેના જીવાશ્મ (ફોસીલ) અવશેષો, થીજીને પથ્થર બની ગયેલા ઈંડા, પગના ટુકડા અહીં પ્રદર્શિત કરાયા છે. એક્ઝિબિશનમાં રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાની ૧૦૦ જેટલી સંસ્થાઓ તેમની સિદ્ધિઓનું પ્રદર્શન કરી રહી છે. જેમાં DRDO, પાવરગ્રીડ, ઈસરો, GSI, CSIR, NCERT, ICAR, જીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા, C.W..C., APEDA, ICMR,







MOES, REC , BIS , CPCB, NIF જેવી સરકારી જાહેર એજન્સી-સંસ્થાઓ ભાગ લીધો છે. વિજ્ઞાન સંસ્થાઓના વૈજ્ઞાનિકોએ જિજ્ઞાસુઓને ઉપયોગી જાણકારી આપી હતી. તમામ વય જૂથના નાગરિકો માટે પ્રવેશ નિઃશુલ્ક છે.તા.૨૧મી સુધી ત્રણ દિવસ માટે સવારે ૧૦.૩૦ થી ૫.૩૦ વાગ્યા દરમિયાન શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ, આમ નાગરિકો સુરતમાં આ પ્રકારના પ્રથમવાર યોજાઈ રહેલા પ્રદર્શનને નિહાળી શકે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારી સ્વાસ્થ્ય તથા શક્તિ બચાવવાની આદત તમને ખૂબ જ મદદ કરશે કેમ કે તમે લાંબી મુસાફરી પર જવાની યોજના ઘડી રહ્યા છો. વ્યસ્ત સંયપત્રક છતાં તમે થાક સાથે આસાનીથી કામ પાડી શકશો. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા?



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. આજે તમે તમારા પરિવારમાં શાંતિદૂતનું કામ કરશો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. જમીન અથવા કોઈ મિલકત માં નિવેશ કરવું તમારા માટે જીવલેણ હોઈ શકે છે જેટલું શક્ય હોય ત્યાં સુધી આ વસ્તુઓ માં નિવેશ કરવા થી બચો. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. તમારા પ્રિયપાત્ર સાથે કૅન્ડીફ્લૉસ તથા ટૉફી શૅર કરશો.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. મિત્રો તથા પરિવારના સભ્યો તમારો મોટાભાગનો સમય લેશે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. મહત્વના પ્રૉજેક્ટ સમય પર પૂરાં કરી તમે મહત્વના લાભ મેળવશો.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે નાની-નાની બાબતોને તમારા મગજ પર અસર કરવા ન દેતા. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. તમને એકલવાયું લાગે ત્યારે તમારા પરિવારની મદદ લો. એ તમને હતાશાથી બચાવશે. વળી, એ તમને સમજદારીભર્યા નિર્ણયો લેવામાં પણ મદદ કરશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. નાણાંપ્રવાહમાં વધારો મહત્વની ખરીદી કરવી તમારી માટે આસાન બનાવશે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. તમારૂં સ્મિત તમારા પ્રિયપાત્રની ખુશા માટેની અકસીર દવા છે. છૂટક તથા જથ્થાબંધ વેપારીઓ માટે સારો દિવસ. જે લોકો છેલ્લા કેટલાક દિવસો થી ખૂબ જ વ્યસ્ત હતા.



**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. નવી બાબત પર ધ્યાન કેન્દ્રિત કરો અને તમારા ખાસ મિત્રની મદદ લો. તમારા પ્રિયપાત્ર સાથેના સંબંધો કોઈક સાવ ક્ષુલ્લક બાબતને લઈને વણસી શકે છે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી ધીરજ ખોતા નહીં ખાસ કરીને મુશ્કેલીના સમયમાં. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. ઘરમાં કોઈક સમારકામ અથવા સામાજિક મેળાવડો તમને વ્યસ્ત રાખે એવી શક્યતા છે. તમારા દિલને અપીલ કરે એવી કોઈ વ્યક્તિને મળવાની સંભાવના અતિ પ્રબળ છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી શક્તિને પુનઃપ્રાપ્ત કરવા સંપૂર્ણ આરામ લો કેમ કે નબળું શરીર મગજને પણ નબળું પાડે છે. તમારે તમરી સાચી ક્ષમતા વિશે સમજવું રહ્યું કેમ કે તમે દૃઢતામાં પાછળ નથી પડતા પણ ઈચ્છાશક્તિમાં પડો છો. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. તમારા ઘરમાં સૌહાર્દતા લાવવા માટે સહકારપૂર્વક કામ કરો.



**મકર (ખ,જ) :**

આજના દિવસે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. તમે જ્યારે જૂથમાં હો ત્યારે તમે શું હોલો છો તેના પર ધ્યાન આપો-તમારી આવેશપૂર્ણ ટિપ્પણી માટે તમારી ભારે ટીકા થઈ શકે છે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો મૂડ બગાડી મૂકશે. વિદ્યાર્થીઓ માટે ખૂબ જ સારો દિવસ. તેઓ પરીક્ષામાં સારો દેખાવ કરશે. આ બાબતને તમારા મગજ પર સવાર થવા ન દેતા એના કરતાં તે તમને પ્રેરણા આપે એવું કરજો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રો થી ઉધાર માંગી શકે છે. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે.

## કેટલાક લોકોને લાગે છે કે રામ મંદિર જેવા મુદ્દા ઉઠાવીને તેઓ હિન્દુ નેતા બની જશે : મોહન ભાગવત



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

આરએસએસ એટલે કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવત મંદિર-મસ્જિદ વિવાદ પર નારાજ દેખાયા. તેમણે લોકોને રામ મંદિર જેવા મુદ્દાને બીજે ન ઉઠાવવાની અપીલ કરી છે. તેમણે ટોણો પણ માર્યો હતો કે જે લોકો આવા મુદ્દા ઉઠાવે છે તેઓ વિચારે છે કે તેઓ હિન્દુ નેતા બની જશે. આરએસએસ ચીફ સહજીવન વ્યાખ્યાન શ્રેણીમાં 'ભારત-વિશ્વગુરુ' વિષય પર વાત કરી રહ્યા હતા. ભાગવતે કહ્યું, 'અમે લાંબા સમયથી સુમેળમાં રહીએ છીએ. જો આપણે આ સદ્ભાવનાને દુનિયામાં ફેલાવવી હોય તો આપણે એક મોડેલ બનાવવું પડશે. રામ મંદિરના નિર્માણ બાદ કેટલાક લોકોને લાગે છે કે તેઓ નવી જગ્યાએ આવા જ મુદ્દા ઉઠાવીને હિન્દુ નેતા બની જશે. આ સ્વીકાર્ય નથી. તેમણે કહ્યું કે રામ મંદિરનું નિર્માણ એટલા માટે થયું કે તે તમામ હિંદુઓની આસ્થાનો વિષય છે. તેમણે કહ્યું, 'રોજ એક નવો મામલો સામે આવી રહ્યો છે. આને કેવી રીતે મંજૂરી આપી શકાય? ભારતે બતાવવું પડશે કે આપણે સાથે રહી શકીએ છીએ. જોકે, આ દરમિયાન તેમણે કોઈ ચોક્કસ મુદ્દા કે સ્થળનું નામ લીધું ન હતું. તાજેતરના સમયમાં, મંદિરો શોધવા માટે મસ્જિદોના સર્વેક્ષણની અનેક માંગણીઓ કોર્ટમાં પહોંચી છે.તેમણે કહ્યું કે બહારના કેટલાક જૂથો તેમની સાથે કટ્ટરતા લાવ્યા છે અને તેઓ ઈચ્છે છે કે તેમનું જૂનું શાસન પાછું આવે. તેમણે કહ્યું, 'પણ હવે દેશ બંધારણ પ્રમાણે ચાલે છે. આ સિસ્ટમમાં લોકો તેમના પ્રતિનિધિઓને ચૂંટે છે, જેઓ સરકાર ચલાવે છે. વર્ચસ્વના દિવસો ગયા. તેમણે કહ્યું કે મુઘલ સમ્રાટ ઔરંગઝેબના શાસનમાં પણ આવી જ ધર્માંધતા જોવા મળી હતી, જોકે તેમના વંશજ બહાદુર શાહ ઝફરે ૧૮૫૭માં ગાયની કતલ પર પ્રતિબંધ મૂક્યો હતો.તેમણે કહ્યું, 'અયોધ્યામાં રામ મંદિર હિન્દુઓને આપવાનું નક્કી થયું હતું, પરંતુ અંગ્રેજોએ બંને સમુદાયો વચ્ચે તિરાડ ઊભી કરી. ત્યારથી, અલગતાવાદની લાગણી અસ્તિત્વમાં આવી. પરિણામે પાકિસ્તાન અસ્તિત્વમાં આવ્યું.' ભાગવતે કહ્યું કે જો દરેક પોતાની જાતને ભારતીય માને છે તો શા માટે સર્વોપરિતાની ભાષાનો ઉપયોગ કરાવી રહ્યો છે. આરએસએસના વડાએ કહ્યું, 'કોણ લઘુમતી અને કોણ બહુમતી? અહીં દરેક વ્યક્તિ સમાન છે. આ દેશની પરંપરા એવી છે કે દરેક વ્યક્તિ પોતાની પૂજા પદ્ધતિનું પાલન કરી શકે છે. માત્ર જરૂરિયાત છે સદ્ભાવનાથી જીવવાની અને નિયમો અને કાયદાઓનું પાલન કરવાની.

## હૈદરાબાદમાં સિકંદરાબાદમાં કોલેજ ઓફ ડિફેન્સ મેનેજમેન્ટમાં પ્રેસિડેન્શિયલ કલર ઇન્વેસ્ટિચર સમારોહ






હૈદરાબાદમાં સિકંદરાબાદમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા કોલેજ ઓફ ડિફેન્સ મેનેજમેન્ટમાં પ્રેસિડેન્શિયલ કલર ઇન્વેસ્ટિચર સેરેમની દરમિયાન 'મોન્યુમેન્ટલ નેશનલ ફ્લેગ'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

### અલ્લુ અર્જુનની ધરપકડ મુદ્દે લોયર સના ખાનનું નિવેદન

## ભીડને સાચવવાનું કામ એક્ટર્સનું નથી : લોયર સના રઈસ આન

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।



અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા ૨'ની સ્ક્રીનિંગ પર નાસભાગ મચી ગઈ હતી જેણે બધાને ચોંકાવી દીધા હતા. હૈદરાબાદના સંધ્યા થિયેટરમાં ફિલ્મની સ્ક્રીનિંગ પર અલ્લુ અર્જુન ખુદ ચાહકો સાથે પોતાની ફિલ્મ જોવા પહોંચ્યો હતો. એક્ટરને જોવા માટે એકઠી થયેલી ભીડમાં નાસભાગ મચી ગઈ હતી અને તેમાં એક રેવતી નામની મહિલાનું મોત થઈ ગયું હતું. બીજી તરફ આ મહિલાનો ૯ વર્ષનો પુત્ર શ્રીતેજ ગંભીર રીતે ઘાયલ થઈ ગયો હતો અને હજું પણ વેન્ટિલેટર પર છે. આ મામલે પોલીસે 'પુષ્પા ૨' સ્ટાર અલ્લુ અર્જુનની ધરપકડ પણ કરી હતી, જોકે તેને બીજા જ દિવસે જામીન મળી ગયા હતા. પરંતુ અર્જુનની ધરપકડને લઈને લોકોમાં નારાજગી છે. હવે બિગબોસ ૧૭નો હિસ્સો રહેલી ક્રિમિનલ લૉયર સના રઈસ ખાને પણ અલ્લુ અર્જનને સપોર્ટ કર્યો છે. ઘણાં હાઈ પ્રોફાઈલ કેસ સાથે જોડાય ચૂકેલી સનાએ કહ્યું છે કે આ દુઃખદ ઘટનામાં ફિલ્મ સ્ટારને દોષી ન ઠેરવી શકાય.

### આજીવન કેદની સજા થશે ?

## USમાં ૧૩ વર્ષની છોકરી સાથે સેક્સની લાલચમાં ફસાયો ગુજરાતી યુવક

। (એજન્સી) વોશિંગટન, તા.૨૦ ।




અમેરિકામાં ૧૩ વર્ષની છોકરીને જાતીય પ્રવૃતિ માટે લલચાવવાનો પ્રયાસ ગુજરાતી યુવકને ભારે પડી ગયો. અમેરિકી સત્તાવાળાઓ દ્વારા સગીર છોકરીને શારીરિક સંબંધ બાંધવા માટે બોલાવવા બદલ યુવકને દોષી ઠેરવવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગત જુલાઈમાં અમેરિકામાં ગુજરાતી યુવક કિર્તન પટેલ (૨૪ વર્ષ)ની ધરપકડ કરવામાં આવી હતી. આરોપ છે કે તેણે એક સગીર છોકરીને લલચાવીને જાતીય પ્રવૃત્તિમાં સામેલ કરવાનો પ્રયાસ કર્યો હતો અને બાદમાં તેણી સાથે શારીરિક સંબંધ બાંધવાના હેતુથી તેણીને એક જગ્યાએ મળવા બોલાવી હતી. આ દરમિયાન અમેરિકન પોલીસે તેની ધરપકડ કરી હતી. કિર્તન પટેલે પોતાનો ગુનો સ્વીકારી લીધો છે. એવું માનવામાં આવે છે કે તેણે ૧૩ વર્ષની છોકરીને ઈન્ટરનેટ પર તેની સાથે સેક્સ્યુઅલ એક્ટિવિટી કરવા માટે ફસાવી હતી. એવું પણ બહાર આવ્યું હતું કે કિર્તનની ધરપકડ સ્ટિંગ ઓપરેશન દ્વારા કરવામાં આવી હતી.

### પાવર સ્ટેશન પર હુમલો કરતાં ૯ લોકોના મોત

## ઇઝરાયેલે વધુ એક ઈસ્લામિક દેશ પર કરી એર સ્ટ્રાઈક..!

। (એજન્સી) ઇઝરાયેલ, તા.૨૦ ।

યમનના હુથી બળવાખોરોએ સેન્ટ્રલ ઈઝરાયેલ પર મિસાઈલ હુમલો કર્યા પછી ઈઝરાયેલે તેમની રાજધાની પર એરસ્ટ્રાઈક કરી હતી. બળવાખોરોની રાજધાની અને પોર્ટ સિટી પરના હુમલામાં ઓછામાં ઓછા ૯ ના મોત થયા હતા. ઈઝરાયેલના આ હુમલાના પગલે હવે ઈરાન સમર્થિત આ હુથીઓ સાથેનો સંઘર્ષ આગળ વેગ પકડે તેમ માનવામાં આવે છે. હુથી બળવાખોરોના લાલ સમુદ્ર પરના હુમલાના લીધે વૈશ્વિક વ્યાપાર પ્રભાવિત થયો છે. આ હુથી બળવાખોરોએ તો અત્યાર સુધી ઈઝરાયેલ પર તીવ્ર લશ્કરી હુમલા કરવાનું ટાળ્યું છે, આમ છતાં તેણે ૭ ઓક્ટોબર ૨૦૨૩ પછી ઈઝરાયેલ પર ૨૦૦થી વધુ મિસાઈલ હુમલા કર્યા છે. આમ તેમણે ઈઝરાયેલ સામે લડી રહેલા પેલેસ્ટાઈનના હમાસ અને ઈઝરાયેલના હિજબુલ્લાહ જૂથને મદદ કરી હતી. હુમલાના બીજા તબક્કામાં ફાઈટર જેટ્સે સાના શહેરમાં ઈઝરાયેલના લશ્કરે જણાવ્યું હતું કે તેમણે બે તબક્કામાં હુમલા કર્યા હતા. આ ઓપરેશન ગુરુવારે વહેલા શરૂ થયુ હતુ અને તેની સાથે ૧૪ જેટ જોડાયેલા હતા. પ્રથમ હુમલામાં હોલેઈડા, સૈફના બંદરના ઈન્ળાસ્ટ્રકચર અને લાલ સમુદ્રમાં રાસ ઈસા ઓઈલ ટર્મિનલને લક્ષ્યાંક બનાવવામાં આવ્યું હતું. હુમલાના બીજા તબક્કામાં ફાઈટર જેટ્સે સાના શહેરમાં હુથીના વીજ ઈન્ળાસ્ટ્રકચરને લક્ષ્યાંક બનાવ્યું હતું.ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહુ કહી ચૂક્યા છે કે હમાસ, હિઝબુલ્લાહ અને સીરિયાના બશર અલ અસદ એમ ત્રણ ઈઝરાયેલ વિરોધી શાસન ખતમ થયા પછી હવે એકમાત્ર ઈઝરાયેલ વિરોધી શાસન યેમેનના હુથી બળવાખોરોનું છે. હુથી બળવાખોરો ઈરાનના પ્રોક્સી વોરનો અંતિમ હિસ્સો છે, તે ખતમ એટલે આખા મધ્યપૂર્વ માંથી ઈરાનનો પગ જ નીકળી જશે. ઈઝરાયેલને જે પણ નુકસાન કરશે તેણે તેની આકરી કિંમત ચૂકવવી પડશે. ઈઝરાયેલે સાના શહેરના બે વીજમથક પર હુમલા કરતાં અહીં વીજળીના મોરચે સ્થિતિ અત્યંત વણસી ગઈ છે. શહેરના ઈન્ળાસ્ટ્રકચરની બગડેલી સ્થિતિ જોતા જે લોકો પાસે રૂપિયા છે.

### રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપ સાથે ફોન પર વાત કરી

## રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન યુક્રેન સાથે સમજૂતી માટે તૈયાર!

### પત્રકારોને જવાબ આપતી વખતે, રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને ઓરેશ્નિક હાઇપરસોનિક મિસાઇલ વિશે પણ વાત કરી

। (એજન્સી) મોસ્કો, તા.૨૦ ।



રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને ગઈકાલે અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વાત કરી હતી. આ દરમિયાન તેમણે યુક્રેન યુદ્ધ પર સમાધાનની વાત કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ચર્ચા માટે કોઈ પૂર્વશરતો નથી પરંતુ કોઈપણ સોદામાં કાયદેસર યુક્રેનિયન અધિકારીઓ સામેલ હોવા જોઈએ.રિપોર્ટ અનુસાર, પુતિને કહ્યું કે રશિયા રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી સહિત કોઈપણ સાથે વાત કરવા તૈયાર છે. પુતિને કહ્યું કે તેમણે ટ્રમ્પ સાથે વર્ષોથી વાત કરી નથી પરંતુ સંઘર્ષ અંગે ચર્ચા કરવા માટે તેમની સાથે મળવા માટે તૈયાર છે. પુતિને એવા દાવાઓને ફગાવી દીધા હતા કે રશિયા નબળી સ્થિતિમાં છે. તેમણે કહ્યું કે ૨૦૨૨માં યુક્રેન પર થયેલા હુમલા બાદ દેશ મજબૂત બન્યો છે. જ્યારે પુતિને કહ્યું હતું કે રશિયા વાટાઘાટો માટે તૈયાર છે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કિવ પણ સમાધાન માટે તૈયાર હોવું જોઈએ. પુતિને કાયમી શાંતિ કરારની તરફેણમાં અસ્થાયી યુદ્ધવિરામની કોઈપણ શક્યતાને નકારી કાઢી હતી.

## નાઈજિરિયામાં સ્કૂલ દ્વારા આયોજિત ફનફેરમાં ધક્કામુક્કી : 30 બાળકોનાં મોત

### વીમાન-ઇન-નીડ-ઓફ-ગાઈડન્સ એન્ડ સપોર્ટ ફાઉન્ડેશન દ્વારા આ ફનફેરનું આયોજન કરાયું હતું

। (એજન્સી) બાસોરૂન, તા.૨૦ ।



દક્ષિણપશ્ચિમનાઈઝિરિયાનાંઓયોરાજ્યનાબાસોરૂન શહેર સ્થિત ઈસ્લામિક હાઈસ્કૂલમાં યોજાયેલા એક ફનફેરમાં ધક્કામુક્કી થતાં ૩૦ બાળકોના ચકદાઈ જવાથી મૃત્યુ થયા હતા અને અનેકને ઈજાઓ થઈ હતી.આ અંગે વધુ માહિતી આપતાં ગવર્નર સેયી માકીન્ડેએ જણાવ્યું હતુ કે, આ અત્યંત દુઃખદ ઘટના છે. હજી સુધી પ્રાપ્ત અહેવાલો પ્રમાણે ૩૦ બાળકોના ધક્કામુક્કીમાં ચકદાઈ જવાથી મૃત્યુ થયા છે. અનેક લોકોને ઈજાઓ થઈ છે જે બાળકો મૃત્યુ પામ્યા છે, તેમના માતા-પિતા પ્રત્યે અમારી પૂરેપુરી સહાનુભૂતિ છે. આ ઘટના પછી પોલીસે આયોજકોની ધરપકડ કરી છે તથા નેશનલ ઈમર્જન્સી સર્વિસને કામે લગાડાઈ છે.સ્થાનિક મીડિયા જણાવે છે કે, વીમાન-ઈન -નીડ-ઓફ-ગાઈડન્સ એન્ડ સપોર્ટ ફાઉન્ડેશન દ્વારા આ ફનફેરનું આયોજન કરાયું હતું. ગત વર્ષે પણ તેઓએ આ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓયો સ્થિત અગીડીગ્બો એફએમ રેડીયો જણાવે છે કે, આ કાર્યક્રમના આયોજકોએ એવું જાહેર કર્યું હતું કે, જે બાળકો આ કાર્યક્રમમાં ભાગ લઈ પહેલા, બીજા, ત્રીજા આવશે. તે બાળકોને સ્કોરશીપ તથા ઘણી સુંદર ભેટો અપાશે. આ કારણસર જ પ્રમાણમાં ઓછી જગામાં બહુ મોટી સંખ્યામાં બાળકો ભેગા થયાં હતા તેથી ધક્કામુક્કી થઈ અને તેમાં ૩૦ બાળકોના મૃત્યુ થયા હતા અને અનેકને ઈજાઓ થઈ હતી.

**વિશેષ** | કૃષિ મેળો-૨૦૨૪ના માધ્યમથી ૧૫૦ કરતાં વધુ ટ્રેક્ટર અને ૨૦થી વધુ ટ્રેક્ટર સંચાલિત સાધનો ખેડૂત લાભાર્થીને અંદાજિત રૂપિયા ૭૫ લાખ જેટલી સહાય પુરી પડાઈ

## જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભિમસિંહભાઈ તડવીની અધ્યક્ષતામાં તિલકવાડાની શ્રી કે.એમ.શાહ સાર્વજનિક હાઈસ્કૂલના પરિસરમાં કૃષિ મેળો અને કૃષિ પ્રદર્શન યોજાયું

। (માહિતી) સુરત ।

એસ્પિરેશનલ નર્મદા જિલ્લાના આદિજાતિ ખેડૂતોને કૃષિ વિષયક નવીન બાબતોની જાણકારી મળી રહે તથા તેના તાંત્રિક જ્ઞાન અને કુશળતામાં વધારો થાય અને ખેતીને આધુનિક બનાવી વધુ ખેત ઉત્પાદન મેળવી શકે તેવા શુભ આશયથી એ.જી.આર.-૩ યોજના અંતર્ગત તિલકવાડાની શ્રી કે.એમ.શાહ સાર્વજનિક હાઈસ્કૂલ કેમ્પસમાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભીમસિંહ તડવીની અધ્યક્ષતામાં કૃષિ મેળો અને કૃષિ પ્રદર્શન યોજાયું હતું. નર્મદા જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભિમસિંહભાઈ તડવીએ જણાવ્યું કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર ખેડૂતોને કેન્દ્રમાં રાખીને કૃષિ ક્ષેત્રે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી ખેડૂતોની આવક બમણી થાય તે દિશામાં અનેક હિતકારી નિર્ણયો કરી રહી છે. ખેત ઓજારો માટે ચાલતી ખેડૂત સહાય યોજનાના માધ્યમથી આજે અનેક ખેડૂતો કૃષિ ઓજારોના ઉપયોગ થકી ઝડપી અને ઉપજાઉ ખેતી કરતા થયા છે અને ખેડૂતોની આવક બમણી થઈ રહી છે. માત્ર એટલું જ નહીં પણ રસાયણ વિનાનો શુધ્ધ આહાર મળી રહે તે માટે પ્રાકૃતિક કૃષિને વેગવંતી બનાવવા માટે સરકાર દ્વારા સતત પ્રયત્નો થઈ રહ્યા છે.



પ્રાકૃતિક કૃષિને પણ નર્મદા જિલ્લામાં વ્યાપક પ્રમાણમાં પ્રતિસાદ મળી રહ્યો છે. જેના ઉદાહરણ રૂપે આજે સ્ટેજ ઉપર આવીને ખેડૂતો જે પોતાના અનુભવો રજૂ કરી રહ્યા છે તે આપણે નજરે નિહાળી રહ્યા છીએ અને તેમાંથી શીખ મેળવવા જેવી છે.

નર્મદા જિલ્લાના ખેડૂતો રસાયણિક ખાતર અને જંતુનાશકોનો ત્યાગ કરી ગામે ગામ પ્રાકૃતિક કૃષિ અપનાવી રહ્યા છે જે ખરેખર ગર્વની બાબત છે. તેમને એક ઓર્ગેનિક ફાર્મિંગનું માર્કેટ પણ મળી રહે તેવી વ્યવસ્થા તરફ પણ સરકાર પ્રયત્નશીલ છે. નાંદોદના ધારાસભ્યશ્રી ડો. દર્શનાબેન દેશમુખે આ પ્રસંગે જણાવ્યું કે, એક સમય હતો જ્યારે આપણા ખેડૂતો બળદનો ઉપયોગ કરીને ખેતી કરતા હવે તેનું સ્થાન નવી ટેક્નોલોજી અને યાંત્રિક સાધનોએ લીધું છે જેથી ખેતીમાં આમૂલ પરિવર્તનો આવ્યા છે. નર્મદા જિલ્લાના ખેડૂતો ખેતી સાથે પશુપાલન પણ કરે છે. ત્યારે દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ આપણી પાસે ખૂબ સારો વિકલ્પ છે. આપણા વડવાઓ બંટી, નાગલી, બાજરી, જુવારની ખેતી કરતા હતા. સમયાંતરે આ હલકા પણ ગુણકારી પૌષ્ટિક ધાન્યોની ખેતી ભૂલાઈ રહી હતી. તેવા સંજોગોમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ - ૨૦૨૩ને મિલેટ્સ વર્ષ તરીકે સમગ્ર વિશ્વ સમક્ષ મૂકી તેની ઉજવણી કરી અને આ ધાન્યોનું મહત્વ વિશ્વભરના નાગરિકોને સમજાવ્યું. જેના પગલે આજે પ્રાકૃતિક કૃષિ સાથે ખેડૂતો આ પૌષ્ટિક ધાન્યોની પણ ખેતી કરતા થયા છે.

વધુમાં ધારાસભ્યશ્રીએ ઉમેર્યું કે, ખેતીમાં રસાયણિક ખાતરો અને જંતુનાશક દવાના ઉપયોગોથી માનવ શરીરમાં અનેક રોગો અને ગંભીર બિમારીઓ વધી રહી હતી. તેવા સમયે ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ઉપાડેલું પ્રાકૃતિક કૃષિનું અભિયાન ખેડૂતોને દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિની ભેટ આપી. જેના કારણે આજે ગુજરાતના ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળ્યા છે. આ ખેતી કરવાથી અનાજ તો શુધ્ધ પાકે જ છે પરંતુ જમીનમાં પણ ફળદ્રૂપતા વધે છે. જમીનના સુક્ષ્મ પોષક તત્વો પાછા લાવવાના પ્રયાસો સુભાષ પાલેકરની ખેતી દ્વારા થઈ રહ્યા છે. પ્રાકૃતિક કૃષિમાં સમયનો બચાવ થાય છે અને સારો પાક ઉત્પન્ન થાય છે, ધરતી માતા જમીનનું બંધારણ સચવાય છે અને મનુષ્યનું જીવન ખોરાક થકી સ્વસ્થ બને છે. કાર્યક્રમમાં જિલ્લા ખેતીવાડી વિભાગના અધિકારીશ્રીઓ અને કૃષિ નિષ્ણાંતોએ સરકારશ્રીની ખેડૂતલક્ષી વિવિધ યોજના અને પ્રાકૃતિક કૃષિના આયામો અંગે વિસ્તૃતમાં માહિતી પુરી પાડી હતી. પ્રાકૃતિક કૃષિ સાથે જોડાયેલા ખેડૂતોએ કૃષિ મેળામાં ઉપસ્થિત ખેડૂતો સમક્ષ પોતાનાં અનુભવો અને પ્રાકૃતિક કૃષિ અપનાવ્યા બાદ તેમના જીવનમાં આવેલા હકારાત્મક પરિવર્તન અંગે મનનીય વિચારો અને અનુભવોનું આદાન-પ્રદાન કરી અન્ય ખેડૂતોને પણ પ્રાકૃતિક કૃષિ તરફ વળવા આપીલ કરી હતી. આ કૃષિ મેળા દરમિયાન ખેત ઓજારોનો ચકાસણી કેમ્પ પણ યોજાયો હતો. જેમાં ૧૫૦ કરતાં વધુ ટ્રેક્ટર અને ૨૦ થી વધુ ટ્રેક્ટર સંચાલિત સાધનોના લાભાર્થી ખેડૂતો જોડાયા હતા. ખેડૂતોને સરકારની એ.જી.આર-૫૦ યોજના અંતર્ગત ટ્રેક્ટર તેમજ એ.જી.આર.-૩ કૃષિ યાંત્રિકીકરણ યોજના અંતર્ગત ટ્રેક્ટર સંચાલિત અન્ય સાધનો જેવાકે બેલર, રોટાવેટર, કલ્ટીવેટર વગેરે સાધનોની સહાય પુરી પાડવામાં આવે છે. આ મેળાના માધ્યમથી ખેડૂતોને અંદાજિત રૂપિયા ૭૫ લાખની બેક સહાય પુરી પાડવામાં આવી હતી. મહાનુભાવોના હસ્તે લાભાર્થી ખેડૂતોને પૂર્વ મંજૂરી હૂકમ પણ આ અવસરે આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં તિલકવાડા તાલુકા પંચાયતનાં પ્રમુખશ્રી પ્રેમજીભાઈ ભીલ, અગ્રણીશ્રી વિક્રમભાઈ તડવી અને શ્રી જયેન્દ્રભાઈ પ્રજાપતિ, શ્રી ગૌરાંગભાઈ બારિયા, આત્મા પ્રોજેકટના શ્રી દિપકભાઈ શીનોરા, જિલ્લા ખેતવાડી અધિકારીશ્રી વિનોદભાઈ પટેલ, તાલુકા પંચાયતનાં ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ, ખેડૂતો અને નાગરિકો મોટી સંખ્યામાં ઊપસ્થિત રહ્યા હતા.

**શાળાઓની વેબસાઈટ પર પણ ફીની વિગતોની ચકાસણી કરાશે | શાળાઓ દ્વારા નોટિસ બોર્ડ પર ફીની વિગતો દર્શાવવામાં આવે છે કે કેમ તેની ચકાસણી કરાશે**

# ખાનગી સ્કૂલોની ફીની વિગતો માટે ડ્રાઈવ યોજવા ફી કમિટીનો આદેશ

| (એજન્સી) અમદાવાદ, તા.૨૦ |

ખાનગી શાળાઓની ફીની વિગતોને લઈને ખાસ ડ્રાઈવ યોજવા માટે ફી કમિટી દ્વારા આદેશ કરાયો છે. શાળાઓ દ્વારા ફીની વિગતો નોટિસ બોર્ડ પર ગુજરાતી અને અંગ્રેજીમાં લગાવી છે કે કેમ અને સ્કૂલની સત્તાવાર વેબસાઈટ પર પણ તેની વિગતો દર્શાવવામાં આવી છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવશે.

સ્કૂલની ફીની વિગતો નોટિસ બોર્ડ પર લગાવવાનો નિયમ હોવા છતાં શાળાઓ તેનું પાલન કરતી ન હોવાનું જણાતા ફી કમિટી દ્વારા ડ્રાઈવ માટે આદેશ કર્યો છે. રાજ્ય સરકાર દ્વારા ખાનગી શાળાઓ દ્વારા લેવામાં આવતી બેફામ ફી પર લગામ કસવા માટે ફી નિયમન વિધેયક પસાર કર્યું હતું. જેમાં ખાનગી શાળાઓની ફીનું ધોરણ નક્કી કર્યું હતું. પ્રાથમિક શાળાઓ માટે રૂપિયા ૧૫ હજાર, માધ્યમિક શાળાઓ માટે રૂપિયા ૨૫ હજાર અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે રૂપિયા ૩૦ હજાર ફીનું ધોરણ નક્કી કરવામાં આવ્યું હતું.

જે ખાનગી શાળાઓ સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા ફીના ધોરણ જેટલી અથવા તો તેના કરતા ઓછી ફી લેવા માગતી હોય તેવી શાળાઓએ ફી કમિટી સમક્ષ એફિડેવિટ કરવાની હોય છે. નક્કી કરેલા ધોરણ કરતા વધુ ફી લેવા માગતી શાળાઓએ ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરવાની હોય છે. શાળાઓ દ્વારા એફિડેવિટ કે દરખાસ્ત કરવામાં આવ્યા બાદ ફી કમિટી દ્વારા તેની ચકાસણી કરી શાળાઓની ફી મંજૂર કરવામાં આવતી હોય છે.

આ માટે ફી કમિટી દ્વારા ઓર્ડર ઈશ્યૂ કરાય છે અને તેના આધારે શાળાઓએ ફી લેવાની હોય છે. આ ફીના ઓર્ડરની જાણ વાલીઓને થાય તે માટે શાળાઓએ નોટિસ બોર્ડ પર ફીના ઓર્ડર લગાવવાના હોય છે અને વેબસાઈટ પર પણ ફીની વિગતો દર્શાવવાની હોય છે. આમ, શાળાઓએ ફીની વિગતો લગાવવાની હોવા છતાં શાળાઓ દ્વારા નોટિસ બોર્ડ પર ફીની વિગતો લગાવવામાં આવતી ન હોવાનું સામે આવ્યું છે. આ દરમિયાન અમદાવાદ ઝોનની ફી કમિટી દ્વારા તાબાના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને પત્ર લખીને ખાસ ડ્રાઈવ યોજવા માટે આદેશ કર્યો છે. જેમાં શાળાઓ દ્વારા ફીના ઓર્ડર નોટિસ બોર્ડ પર લગાવ્યા છે કે કેમ તેની ચકાસણી કરવા માટે જણાવાયું છે.

ફી કમિટી દ્વારા કરવામાં આવેલા પત્રમાં જણાવાયું છે કે, ગુજરાત સેલ્ફ-ફાઈનાન્સ્ડ સ્કૂલ્સ (ફી રેગ્યુલેશન) રૂલ્સ, ૨૦૧૭ના નિયમ ૭ના પેટા નિયમ (૬)ની જોગવાઈઓને અનુસાર ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા નક્કી કરવામાં આવેલી ફી દરેક સેલ્ફ-ફાઈનાન્સ્ડ સ્કૂલ દ્વારા નોટિસ બોર્ડ પર પ્રદર્શિત કરવાની રહે છે. આ ઉપરાંત સત્તાવાર વેબસાઈટ પર પણ તેની વિગતો દર્શાવવાની હોય છે. જેથી, જિલ્લા શિક્ષણાધિકારી- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના અધિકાર ક્ષેત્રના જિલ્લાની અંદર આવતી તમામ ખાનગી શાળાઓમાં એક વિશેષ ડ્રાઈવ હાથ ધરવા માટે આદેશ આપવામાં આવ્યો છે. જેમાં ખાનગી શાળાઓ દ્વારા તેમના નોટિસ બોર્ડ પર ફીની વિગતો પ્રદર્શિત કરવામાં આવી છે કે કેમ તેની ચકાસણી કરવાની રહેશે. આ ઉપરાંત ખાનગી શાળાઓ દ્વારા નિયમોનું પાલન કરવામાં આવે છે કે કેમ તેની પણ ચકાસણી કરવા માટે સૂચના અપાઈ છે. શાળાઓની વેબસાઈટ પર પણ ફીની વિગતો છે કે કેમ તેની ચકાસણી ખાસ ડ્રાઈવમાં કરવામાં આવશે.

## ન્યૂઝ બ્રિફ

### સૌરાષ્ટ્રની સૌથી મોટી રાજકોટ સિવિલમાં સસ્તી સેવાના નામે નર્યો દેખાડો

| (એજન્સી) રાજકોટ, તા.૨૦ |

ઘરમાં કોઈ મેડિકલ ઈમરજન્સી આવી ગઈ અને રાજકોટ સિવિલ હોસ્પિટલ જવાનું થયું તો હોસ્પિટલમાંથી એમ્બ્યુલન્સ મળશે એવી આશા ના રાખતા કારણ કે રાજકોટ સિવિલ હોસ્પિટલની ૧૪માંથી માત્ર ૪ જ એમ્બ્યુલન્સ ચાલુ હાલતમાં છે. બાકી ૧૦ એમ્બ્યુલન્સ કટાયેલી સ્થિતિમાં છે. હોસ્પિટલની દશાની જેમ જ એમ્બ્યુલન્સના ટાયર પણ પંચર હાલતમાં છે. રાજકોટની સિવિલ હોસ્પિટલ તંત્રની લાલિયાવાડીનો વધુ એક બોલતો પૂરાવો સામે આવે છે. સિવિલમાં ઈમરજન્સીમાં દર્દીઓ લાવવા, લઈ જવા માટેની એમ્બ્યુલન્સ જ નાદુરસ્ત હાલતમાં પડી છે. દર્દીઓ ખાનગી એમ્બ્યુલન્સ લેવા મજબુર બની રહ્યા છે. હાલ સિવિલ હોસ્પિટલની ૧૪ પૈકી માત્ર ૪ હોસ્પિટલ જ કાર્યરત છે અને આ ૪ પૈકી પણ માત્ર ૨ જ દર્દીઓ માટે કામની છે. તો શું હવે સૌરાષ્ટ્રના દર્દીઓએ સસ્તી સારવારના દિવસો ભૂલી જવાના? આ સવાલ એટલા માટે કરાઈ રહ્યો છે કારણ કે દર્દીને હોસ્પિટલ લાવવા લઈ જવા માટે ખાનગી એમ્બ્યુલન્સ બુક કરાવવી પડશે અને નબળા ખિસ્સા પર વધારે ભાર આપવો પડશે. સૌરાષ્ટ્રભરમાંથી દર્દીઓ સિવિલમાં સારવાર માટે આવતા હોય છે. ત્યારે પોતાના ખીસ્સા ભરવામાં ગુલતાન અધિકારીઓ અને નેતાઓ દર્દીઓનો વિચાર ન જ આવે. જ્યાં સરકારી હોસ્પિટલમાં કિમી દીઠ ૧ કે ૨ રૂપિયા ચૂકવીને એમ્બ્યુલન્સ મળી જાય. એની સામે લોકો ખાનગી એમ્બ્યુલન્સો માંગે એ ભાવ આપી દેવા મજબૂર બન્યા છે. સ્વાભાવિક જ સવાલ તો ઊઠવાના જ છે. પ્રજાના પૈસાનું પાણી થવાના આક્ષેપ છે. સાથે જ્યારે વીઆપીનું આવાગમન હોય ત્યારે પણ ૪ માંથી એકાદ-બે એમ્બ્યુલન્સ તો હાજર ન જ હોય.

### રાજ્યમાં ૪ હજાર નકલી અને ૧૨૮૧ બોગસ ડોક્ટર

| (એજન્સી) સુરત, તા.૨૦ |

સુરતમાં નકલી ડિગ્રી કૌભાંડ મુદ્દે મોટો ઘટસ્ફોટ થયો. કૌભાંડની તપાસમાં રાજ્યમાં ૪ હજાર નકલી ડોક્ટર અને ૧૨૮૧ બોગસ ડોક્ટર પ્રેક્ટિસ કરતા હોવાનું સામે આવ્યું. આ નકલી ડોક્ટરો કૌભાંડના તાર સુરત નહિ પરંતુ અમદાવાદ સુધી ફેલાયેલા છે. થોડા દિવસ પહેલા એક બાળકીના મૃત્યુ બાદ નકલી ડોકટરોનો પર્દાફાશ થયો. બોગસ ડિગ્રી લઈ બોગસ ડોક્ટર ઉભા થયા છે જેમાં એક અને એકસો નહિ પરંતુ આ આંકડો હજ્જારો સુધી છે. ૭૦ હજાર રૂપિયા આપી નકલી ડિગ્રી મેળવવાનું કૌભાંડ થતું હોવાનો ઘટસ્ફોટ થતા રાજ્યમાં વધુ એક નકલીના કારોબારનો વેપલો થઈ રહ્યો છે. સુરત પોલીસે પકડેલા મુખ્ય સૂત્રધારોની તપાસમાં ઘટસ્ફોટ થયો કે ૧૨૮૧ બોગસ ડોક્ટર પ્રેક્ટિસ કરી રહ્યા છે જ્યારે ૨૭૧૯ નકલી ડિગ્રી ધરાવતા ડોકટરોનું કોઈ અત્તોપતો નથી. મહત્વના બે શહેરો એવા અમદાવાદ અને સુરતમાં નકલી ડિગ્રી કૌભાંડના ખેલ ખેલાયો છે. ડોક્ટર બનવા જરૂરી પરીક્ષા નહી પરંતુ ફક્ત ૭૦ હજાર આપી નકલી ડિગ્રી મેળવવામાં આવે છે. રાજ્યનું એકપણ શહેર કે જિલ્લો બાકી નથી જયાં નકલી ડિગ્રી આપી ન હોય.

**કુરુક્ષેત્ર ગુરુકુલમાં પ્રાકૃતિક ખેતી પર કિસાન ચૌપાલ ચર્ચાનું આયોજન**

# પ્રાકૃતિક ખેતી અને જૈવિક ખેતી વચ્ચેનો તફાવત જાણવો ખૂબ જરૂરી છે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

**ખેતરના અવશેષ ખેતરમાં જ રહેવા દો તો ખાતરની જરૂર નહીં પડે : શ્રી શ્યામસિંહ રાણા, કૃષિ મંત્રી, હરિયાણા**

| ગાંધીનગર, તા.૨૦ |

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે જણાવ્યું કે, ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતી અને જૈવિક ખેતી વચ્ચેનો તફાવત સમજવો ખૂબ જ જરૂરી છે. તેમણે કહ્યું કે, ઘણા ખેડૂતો પ્રાકૃતિક ખેતીને જૈવિક કે ઓર્ગેનિક ખેતી સમજીને તેને અપનાવવામાં સંકોચ કરે છે, પરંતુ પ્રાકૃતિક ખેતી સંપૂર્ણપણે ભિન્ન અને ખેડૂતોને અત્યંત લાભદાયી છે. કુરુક્ષેત્ર, ગુરુકુલમાં આયોજિત પ્રાકૃતિક ખેતી કિસાન ચૌપાલ ચર્ચામાં ભાગ લઈ રહેલા ખેડૂતોને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક ખેતી પર માર્ગદર્શન આપ્યું હતું. કિસાન ચૌપાલ ચર્ચામાં હરિયાણાના કૃષિ મંત્રી શ્રી શ્યામસિંહ રાણા, પ્રખ્યાત કૃષિ વૈજ્ઞાનિક પદ્મશ્રી ડૉ. હરિઓમ, ડૉ. બલજીત સહારણ, અને પ્રાકૃતિક ખેતીના પ્રસાર માટે કાર્યરત ICAR ના કૃષિ નિષ્ણાતો તેમજ પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલશ્રી આચાર્ય



દેવવ્રતજીએ જણાવ્યું કે, વીતેલા ૪૦ વર્ષોથી દેશમાં જૈવિક ખેતીનો પ્રચાર-પ્રસાર થઈ રહ્યો છે, પરંતુ આજ સુધી જૈવિક ખેતીનું અસરકારક મોડલ ઊભું થઈ શક્યું નથી. તેનું કારણ છે કે, જૈવિક ખાતર બનાવવા માટે વપરાતા અર્થ વર્મા-અળસીયા વિદેશી છે, જે ફક્ત ગોબર ખાય છે અને હેવી મેટલ છોડે છે. એ ઉપરાંત, જૈવિક ખેતીમાં ખર્ચો વધુ છે અને ઉત્પાદન ઓછું છે, જેના કારણે આ ખેતી પદ્ધતિ લોકપ્રિય બની શકી નથી. તેનાથી ઉલટું, પ્રાકૃતિક ખેતીમાં ખર્ચો ખૂબ ઓછો છે અને ઉત્પાદન પૂરતું મળે છે. આ ઉપરાંત, ખેડૂતોને પ્રાકૃતિક ઉત્પાદનો માટે દોઢથી બે ગણા ભાવ મળે છે. પ્રાકૃતિક ખેતીમાં ફક્ત એક દેશી ગાયના ગોબર અને ગોમૂત્રથી ખેડૂત ૩૦ એકર જમીન પર ખેતી કરી શકે છે. ખેડૂતને બજારમાંથી ખાતર, કીટનાશક વગેરે ખરીદવાની જરૂર પણ પડતી નથી. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી એ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ દેશભરમાં પ્રાકૃતિક ખેતીનું વ્યાપક અભિયાન આદરવામાં આવ્યું છે અને મોટાપાયે ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવી રહ્યા છે. ગુજરાતમાં ૯ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે અને આગામી બે વર્ષમાં આ આંકડો બમણો થશે તેવી આશા છે. હરિયાણાના કૃષિમંત્રી શ્રી શ્યામસિંહ રાણાએ પણ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાની વાત કરી હતી.

**ગૂગલે ભારતમાં મોટા ફેરફારો કર્યા**

## અમદાવાદ IIMનાં સ્નાતક પ્રીતિ લોબાના Google ઈન્ડિયાના નવા વડા બન્યા

| (એજન્સી) અમદાવાદ, તા.૨૦ |

ટેક દિગ્ગજ ગૂગલે ભારતમાં મોટા ફેરફારો કર્યા છે. કંપનીએ ગૂગલ ઈન્ડિયાના નવા હેડની નિમણૂક કરી છે. ગૂગલે ભારતમાં કંપનીના વડાની જવાબદારી પ્રીતિ લોબાનાને સોંપી છે. પ્રીતિ ગૂગલ ઈન્ડિયામાં સંજય ગુપ્તાને રિપ્લેસ કરશે. કંપનીએ સંજય ગુપ્તાને એશિયા પેસિફિક ક્ષેત્રના નવા Google પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા છે. પ્રીતિ લોબાનાને Google દ્વારા પ્રમુખ અને ઉપરાષ્ટ્રપતિ બંને પદો પર નિયુક્ત કરવામાં આવ્યા છે. મેટા પછી ગૂગલ દુનિયાની બીજી મોટી કંપની છે જેણે કંપનીની કમાન એક મહિલાને આપી છે. ઉલ્લેખનીય છે કે પ્રીતિ લોબાના છેલ્લા ત્રણ દાયકાથી ટેક્નોલોજી અને ફાઈનાન્સિયલ ઈન્ડસ્ટ્રીઝની દુનિયા સાથે જોડાયેલા છે. પ્રીતિ છેલ્લા આઠ વર્ષથી ગૂગલમાં કામ કરી રહ્યાં છે. હવે કંપનીએ તેમને ભારતનું નેતૃત્વ કરવાની જવાબદારી સોંપી છે. ગૂગલ ઈન્ડિયાના વડા બન્યા બાદ પ્રીતિ લોબાનાની સૌથી મોટી જવાબદારી ગૂગલ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું વિસ્તરણ કરવાની રહેશે. આ સાથે, તે ભારતમાં ગૂગલની રણનીતિને લાગુ કરવાની જવાબદારી પણ સંભાળશે. પ્રીતિ લોબાનાએ ગુજરાતના અમદાવાદ IIMમાંથી ડિગ્રી મેળવી છે. તેમણી કારકિર્દીમાં તેમનો રેકોર્ડ શાનદાર રહ્યો છે સાથે જ તે કંપનીઓમાં મોટા ફેરફારો કરવા માટે પણ જાણીતા છે. તેમની પાસે બિઝનેસ ટ્રાન્સફોર્મેશન, ઓપરેશનલ એક્સેલન્સ તેમજ ગ્રાહક અનુભવના ક્ષેત્રોમાં અપાર અનુભવ છે. ગૂગલ ઈન્ડિયાના વડા તરીકે નિયુક્ત થયા પહેલા, તેમએ નેટવેસ્ટ ગ્રુપ, અમેરિકન એક્સપ્રેસ, ANX ગ્રિન્ડલેઝ બેંક અને સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકમાં સેવા આપી હતી. આ જગ્યાઓ પર પ્રીતિએ બિઝનેસ સ્ટ્રેટેજી, પ્રોડક્ટ મેનેજમેન્ટ જેવા ઘણા સેક્ટરમાં કામ કર્યું છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લા કલેક્ટરો-જિલ્લા વિકાસ અધિકારીઓની કોન્ફરન્સ

**મહેસૂલ-પંચાયત-ગ્રામ વિકાસ-શહેરી વિકાસ-પ્રવાસન-શિક્ષણ સહિતના વિભાગોની યોજનાઓની જિલ્લાસ્તરીય સ્થિતીની સમીક્ષા હાથ ધરવામાં આવી**




| ગાંધીનગર, તા.૨૦ |

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, સરકાર અને અમલીકરણ અધિકારીઓ તથા જિલ્લાના વહીવટી વડાઓએ જનતા-પબ્લિકને સારી સેવા-સુવિધાઓ અને કલ્યાણ યોજનાઓના લાભ પહોંચાડવાના માધ્યમ બનવાનું છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, આ જવાબદારી અને કર્તવ્યના ભાવ સાથે કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓ પોતાની ભૂમિકા નિભાવે તે અપેક્ષિત છે.

મુખ્યમંત્રીશ્રી રાજ્યના જિલ્લા કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓની એક દિવસીય સંયુક્ત પરિષદનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા. ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજી પટેલ, પંચાયત રાજ્યમંત્રી શ્રી બચુભાઈ ખાબડ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સલાહકાર ડૉ. હસમુખ અઢિયા આ અવસરે ઉપસ્થિત રહ્યાં હતાં.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, જાહેર સેવક તરીકે જનતાની સેવા કરવી, તેની સમસ્યા-મુશ્કેલીઓ દૂર કરવી તે આપણું દાયિત્વ અને ફરજ બેય છે. આ માટે લોકસંપર્ક વધુ સુદ્રઢ બનાવવાની હિમાયત કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા અધિકારીઓને ફિલ્ડ વિઝીટ માટે તાકીદ કરી હતી.

## અમદાવાદમાં ઉત્સાહભેર ઊજવાશે પ્રથમ વિશ્વ ધ્યાન દિવસ

| અમદાવાદ, તા.૨૦ |

ભારત સરકારના સૂચનને ધ્યાને લઈને સંયુક્ત રાષ્ટ્ર (યુનાઈટેડ નેશન્સ) દ્વારા ૨૧ ડિસેમ્બરને 'વિશ્વ ધ્યાન દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો છે. સમગ્ર વિશ્વની સાથે સાથે અમદાવાદમાં પણ વિશ્વ ધ્યાન દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને અન્ય યોગ- ધ્યાન સંસ્થાઓ દ્વારા ૨૧ ડિસેમ્બરે રાજ્યભરનાં વિવિધ શહેરોમાં 'વિશ્વ ધ્યાન દિવસ'ની ઉજવણીનું આયોજન કરાયું છે. આ ઉજવણી અંતર્ગત અમદાવાદ ગુજરાત યુનિવર્સિટી સેનેટ હૉલ ખાતે સવારે ૮.૩૦ વાગ્યાથી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તેમજ શ્રી શિવકૃપાનંદ સ્વામી ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે 'વિશ્વ ધ્યાન દિવસ' શિબિરનું અયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત અમદાવાદમાં વસ્ત્રાલ, નિકોલ અને સરદારનગર તેમજ વેજલપુર ખાતે પણ 'વિશ્વ ધ્યાન દિવસ'ની ઉજવણી કરવામાં આવશે.

અમદાવાદના વસ્ત્રાલમાં આવેલા સામ્રાજ્ય પાર્ક, મેટ્રો પિલર નંબર ૧૩૬ની સામે યોગગુરુ શ્રી મૌલિક બારોટ તેમજ સમર્પણ ધ્યાન સંસ્થાના સહયોગથી 'વિશ્વ ધ્યાન દિવસ' ઊજવવામાં આવશે. જ્યારે નિકોલમાં મેજર ઋષિકેશ રામાણી ગાર્ડન, રાજહંસ સિનેમાની સામે, તેમજ સરદાનગરમાં સાધુ વાસવાની ઉદ્યાન, તાજ હોટલની પાછળ એરપોર્ટ રોડ - હાસોલ ખાતે તેમજ વેજલપુરમાં ચાણક્ય કોમ્યૂનિટી હોલ ખાતે 'વિશ્વ ધ્યાન દિવસ'ની ઉજવણી કરવામાં આવશે.

**પોલીસે આરોપીને ૧૫૦૦ કિમી પીછો કરીને દબોચ્યો**

## દિલ્હી પોલીસે દુષ્કર્મના આરોપીને સુરતથી દબોચ્યો

**૨૫ વર્ષીય આરોપીનું નામ કુલદીપ છે : પોલીસે જણાવ્યું કે, એફઆઈઆર નોંધાયા બાદથી કુલદીપ ફરાર હતો**

| (એજન્સી) સુરત, તા.૨૦ |

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાંચ ટીમે દુષ્કર્મના એક આરોપીને ૧૫૦૦ કિલોમીટર સુધી પીછો કરીને ગુજરાતના સુરતથી ઝડપી લીધો હતો. ૨૫ વર્ષીય આરોપીનું નામ કુલદીપ છે. દિલ્હી પોલીસે જણાવ્યું કે, એફઆઈઆર નોંધાયા બાદથી કુલદીપ ફરાર હતો. તેને ભાગેડું જાહેર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. જોક ૧૬ ડિસેમ્બરના રોજ આરોપી સુરતના જય અંબે નગરમાં છુપાયો હોવાની ગુપ્ત જાણકારી મળી હતી. જે બાદ પોલીસે આવીને વૉચ ગોઠવી હતી અને આરોપી તે જ હોવાની પુષ્ટિ થયા બાદ ધરપકડ કરવામાં આવી હતી.

દિલ્હીના બાગવાન પુરામાં કામ કરતી મહિલાએ આરોપી કુલદીપ સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપી અને પીડિતા વચ્ચે મિત્રતા હતી અને બંને સાથે કામ કરતા હતા. જેનો ફાયદો ઉઠાવી કુલદીપે કથિત રીતે તેને નશીલો પદાર્થ આપીને દુષ્કર્મ કર્યું હતું. તેમજ અશ્લીલ ફોટા અને વીડિયો લઈ લીધા હતા. આ ફોટો અને વીડિયા દ્વારા તે મહિલાને બ્લેકમેલ કરીને શરીર સંબંધ બાંધવા મજબૂર કરતો હતો. દિલ્હી પોલીસે એક નિવેદનમાં જણાવ્યું, ફરિયાદકર્તા બાગવાન પુરામાં કામ કરે છે અને આરોપી પણ તે જ્યાં કામ કરતી હતી ત્યાં કામ કરતો હતો. બંને વચ્ચે મિત્રતા હતી. તેનો ગેરફાયદો ઉઠાવી મહિલાને નશીલો પદાર્થ ખવરાવી દુષ્કર્મ કર્યુ હતું અને અશ્લીલ ફોટા તથા વીડિયો બનાવી લીધો હતો. આ રેકોર્ડિંગ પીડિતાને બતાવી બ્લેકમેલ કરતો હતો અને શારીરીક સંબંધ બાંધવા મજબૂર કરતો હતો. પીડિતાએ હિંમત એકઠી કરીને પોલીસને સમગ્ર જાણકારી આપી હતી અને ફરિયાદ નોંધાવી હદતી. જે અંગે બાદલી પોલીસ સ્ટેશનમાં મામલો નોંધવામાં આવ્યો હતો.

દિલ્હીના બવાનામાં રહેતો કુલદીપ મૂળ ઉત્તરપ્રદેશના દેવરિયા જિલ્લાનો રહેવાસી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, ૫-૬ વર્ષથી દિલ્હીમાં રહેતો હતો અને હાલ સુરતની એક ફેક્ટરીમાં વેલ્ડરનું કામ કરતો હતો. તેની પાસેથી એક મોબાઈલ ફોન પણ મળી આવ્યો છે. જેમાં મહિલાને બ્લેકમેલ કરતાં અશ્લીલ વીડિયો અને ફોટા છે.

